**અંક બંધ રહેશો**

ધુળેટીપર્વને અનુલક્ષીને તા.૦૪/૦૩/૨૦૨૬ના રોજ સંજોગ ન્યૂઝ કાર્યાલય રજા પાળશે. જેથી તા.૦૫/૦૩/૨૦૨૬નો અંક પ્રકાશિત થશે નહિ. તા.૦૬/૦૩/૨૦૨૬ના રોજથી રાબેતા મુજબ અખબાર પ્રકાશિત થશે. જેની વાંચકો, એજન્ટ મિત્રો અને વિતરકોએ નોંધ લેવી.

- મેનેજમેન્ટ



# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 147 | AD - 2026, Fagan Vad - 01 | Wednesday, Dt. 04-03-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00



### ભારતે અનેક દેશો સાથે મુક્ત વેપાર કરારો કર્યા છે જેનાથી વિશાળ તકો ખુલી

# ભારતનું મજબૂત અર્થતંત્ર સમગ્ર વિશ્વ માટે આશાનું કિરણ : મોદી

નવી દિલ્હી,તા.૦૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તાજેતરમાં 'આર્થિક વિકાસને ટકાઉ અને મજબૂત બનાવવો' વિષય પર આયોજિત બજેટ પછીના વેબિનારને વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા સંબોધિત કર્યો હતો. આ પ્રસંગે તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, વર્તમાન વૈશ્વિક અસ્થિરતાના માહોલમાં ભારતનું મજબૂત અર્થતંત્ર સમગ્ર વિશ્વ માટે આશાનું કિરણ સાબિત થઈ રહ્યું છે.

વડાપ્રધાનએ જણાવ્યું કે જ્યારે વૈશ્વિક સપ્લાય ચેઈનનું પુનર્ગઠન થઈ રહ્યું છે, ત્યારે ભારતની ઝડપી આર્થિક પ્રગતિ 'વિકસિત ભારત'ના લક્ષ્ય માટે એક મજબૂત પાયો તૈયાર કરી રહી છે. તેમણે દેશની સ્પષ્ટ દિશા અને સંકલ્પનો ઉલ્લેખ કરતા "વધુ ઉત્પાદન, વધુ કનેક્ટિવિટી અને વધુ નિકાસ"ની વ્યૂહરચના અપનાવવા આહ્વાન કર્યું હતું. તેમણે ઉમેર્યું કે અર્થતંત્રના મુખ્ય સ્તંભો જેવા કે ઉત્પાદન, લોજિસ્ટિક્સ અને MSME એકબીજા સાથે ગાઢ રીતે જોડાયેલા છે. મજબૂત માળખાગત સુવિધાઓ આ તમામ ક્ષેત્રોમાં નવી તકો ઊભી કરે છે.



વૈશ્વિક બજારમાં ભારતની સ્થિતિ મજબૂત કરવા માટે પીએમ મોદીએ સંશોધન અને વિકાસ (R&D) માં મોટા રોકાણ અને આંતરરાષ્ટ્રીય ધોરણો મુજબની ગુણવત્તા જાળવી રાખવા પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું 'ભારતે અનેક દેશો સાથે મુક્ત વેપાર કરારો (FTA) કર્યા છે, જેનાથી વિશાળ તકો ખુલી છે. તેથી, ઉત્પાદનની ગુણવત્તા સાથે કોઈ પણ પ્રકારનું સમાધાન ન થવું જોઈએ. ભારતીય ઉત્પાદનો માત્ર આંતરરાષ્ટ્રીય ધોરણોને પૂર્ણ જ નહીં, પરંતુ તેને વટાવી જનારા હોવા જોઈએ.'

વડાપ્રધાનના જણાવ્યા અનુસાર, હવે વૈશ્વિક બજારો માત્ર ઓછી કિંમતને જ નહીં, પરંતુ 'સસ્ટેનેબિલિટી' (ટકાઉપણું) ને પણ પ્રાથમિકતા આપી રહ્યા છે. આ સંદર્ભમાં તેમણે 'કાર્બન કેપ્ચર, યુટિલાઈઝેશન એન્ડ સ્ટોરેજ મિશન' જેવી પહેલોનો ઉલ્લેખ કર્યો અને ઉદ્યોગોને સ્વચ્છ ટેકનોલોજીમાં રોકાણ કરવા પ્રોત્સાહિત કર્યા.

વૈશ્વિક રાજકીય પરિસ્થિતિ પર બોલતા મોદીએ પુનરોચ્ચાર કર્યો કે ભારત હંમેશા શાંતિ અને સંવાદનું સમર્થક રહ્યું છે. કોઈપણ લશ્કરી સંઘર્ષ પ્રાદેશિક અસ્થિરતા વધારે છે, તેથી તમામ પક્ષોએ સંયમ રાખી વાટાઘાટો કરવી જોઈએ. વિદેશમાં વસતા ભારતીયોની સુરક્ષા અંગે તેમણે ખાતરી આપી કે સરકાર સ્થિતિ પર સતત નજર રાખી રહી છે. આ સાથે જ કેનેડા સાથેના યુરેનિયમ અને નાના મોડ્યુલર રિએક્ટર પરના ઐતિહાસિક કરારોનો પણ તેમણે ઉલ્લેખ કર્યો હતો. બીજી તરફ, કેન્દ્રીય મંત્રી પ્રહલાદ જોશીએ ખાડી દેશોમાં ફસાયેલા ભારતીયો અંગે નિવેદન આપતા જણાવ્યું હતું કે સરકાર તેમને સુરક્ષિત પરત લાવવા માટે સંપૂર્ણ રીતે સજ્જ છે.

પીએમ મોદીએ કહ્યું કે યુક્રેન સંકટ સમયની જેમ જ અત્યારે પણ ભારતીય દૂતાવાસો વરિષ્ઠ અધિકારીઓના સંપર્કમાં છે. યુધ્ધગ્રસ્ત વિસ્તારોમાં હવાઈ મુસાફરી જોખમી હોવાથી નિષ્ણાતોની સલાહ મુજબ યોગ્ય સમયે સ્થળાંતરની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

# ભારતીય ન્યાયતંત્રમાં AIના ભયજનક ઉપયોગ સામે સુપ્રીમ કોર્ટની લાલ આંખ

ન્યુ દિલ્હી,તા.૦૩

ભારતીય ન્યાયતંત્રમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) ના દુરુપયોગ અંગે સુપ્રીમ કોર્ટે અત્યંત કડક વલણ અપનાવીને એક સીમાચિહ્નરૂપ ચેતવણી આપી છે. આ વિવાદની શરૂઆત આંધ્રપ્રદેશની એક ટ્રાયલ કોર્ટના ચુકાદાથી થઈ, જેમાં ન્યાયાધીશે મિલકત વિવાદના કેસમાં ચાર એવા ચુકાદાઓ ટાંક્યા હતા જે વાસ્તવમાં અસ્તિત્વમાં જ નહોતા. જ્યારે આ મામલો ઉચ્ચ અદાલતોમાં પહોંચ્યો ત્યારે ચોંકાવનારો ખુલાસો




થયો કે તે તમામ ચુકાદાઓ AI ટૂલ્સ દ્વારા બનાવવામાં આવેલા સંપૂર્ણપણે કાલ્પનિક અને 'સિન્થેટિક' હતા. જસ્ટિસ પી.એસ. નરસિમ્હા અને જસ્ટિસ આલોક અરાધેની બેન્ચે સ્પષ્ટ કર્યું છે કે જો કોઈ ન્યાયાધીશ પોતાના આદેશમાં આવા બોગસ કેસોનો ઉપયોગ કરે છે, તો તેને માત્ર અજાણતા થયેલી કાયદાકીય ભૂલ માની શકાય નહીં, પરંતુ તેને ન્યાયાધીશની ગંભીર 'ગેરરીતિ' ગણવામાં આવશે. આ ઘટનાએ ન્યાયિક પ્રક્રિયાની વિશ્વસનીયતા સામે મોટા પ્રશ્નાર્થ ચિહ્નો ઉભા કર્યા છે. સર્વોચ્ચ અદાલતે આ બાબતને ગંભીરતાથી લેતા એટર્ની જનરલ અને બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાને નોટિસ પાઠવી છે. અદાલત હવે એ નક્કી કરવા માંગે છે કે જ્યારે ન્યાયિક કામગીરીમાં આવા નકલી દસ્તાવેજો ઘુસી જાય ત્યારે તેની જવાબદારી કોની નક્કી કરવી. ટેકનોલોજીનો ઉપયોગ વકીલો અને ન્યાયાધીશો માટે મદદરૂપ હોઈ શકે છે, પરંતુ તેના દ્વારા સર્જાયેલી ભ્રામક માહિતી જો કાયદાનો આધાર બને તો તે ન્યાયના મૂળભૂત સિદ્ધાંતોને નુકસાન પહોંચાડી શકે છે. સુપ્રીમ કોર્ટનું આ વલણ સ્પષ્ટ કરે છે કે ભવિષ્યમાં ન્યાયતંત્રમાં AI ના ઉપયોગ માટે કડક માર્ગદર્શિકા અનિવાર્ય બનશે, જેથી ન્યાયની ગરિમા જળવાઈ રહે.

# અમેરિકાના ટેક્સાસમાં ઈરાન સમર્થિત વિરોધ પ્રદર્શન દરમિયાન ગોળીબાર

**ભારતીય મૂળની વિદ્યાર્થીની સહિત ચારનાં મોત**

ટેક્સાસ,તા.૦૩

અમેરિકાના ટેક્સાસ રાજ્યના ઓસ્ટિન શહેરમાં રવિવારે ઈરાન સમર્થિત પ્રદર્શન દરમિયાન ભયાનક ગોળીબારની ઘટના બની હતી. ઈરાન સામેના યુદ્ધને લઈ અમેરિકામાં વધી રહેલા અસંતોષ વચ્ચે સેનેગલ મૂળના ૫૩ વર્ષીય



શૂટર નડીયાગા ડીયાગ્નેએ પ્રદર્શનકારીઓ પર અંધાધૂંધ ફાયરિંગ કર્યું હતું. હુમલાખોર એક બિયર ગાર્ડન પાસે પોતાની કારમાં તૈયાર ઊભો હતો અને અચાનક બહાર નીકળીને તેણે લોકો પર ગોળીઓ વરસાવવાનું શરૂ કર્યું હતું. આ હુમલામાં ભારતીય મૂળની ૨૧ વર્ષીય તેજસ્વી વિદ્યાર્થીની સવિતા શાન સહિત કુલ ચાર વ્યક્તિઓએ જીવ ગુમાવ્યા છે. પોલીસના જણાવ્યા અનુસાર હુમલાખોરે ઈરાની ઝંડા અને ધાર્મિક લખાણવાળું ટીશર્ટ પહેર્યું હતું. ફરજ પરના પોલીસ અધિકારીએ ત્વરિત કાર્યવાહી કરતા હુમલાખોરને ઘટનાસ્થળે જ ઠાર માર્યો હતો.






### સરહદોને વધુ સુરક્ષિત અને અભેદ્ય બનાવવા માટે રશિયા સાથે એક અત્યંત મહત્વપૂર્ણ સંરક્ષણ સોદો

# ભારત રશિયા પાસેથી વધુ પાંચ નવી S-૪૦૦ એર ડિફેન્સ સિસ્ટમ ખરીદશે !

ન્યુ દિલ્હી,તા.૦૩


ભારત પોતાની સરહદોને વધુ સુરક્ષિત અને અભેદ્ય બનાવવા માટે રશિયા સાથે એક અત્યંત મહત્વપૂર્ણ સંરક્ષણ સોદો કરવાની દિશામાં આગળ વધી રહ્યું છે. વર્તમાન સુરક્ષા પડકારોને ધ્યાનમાં રાખીને ભારત સરકાર રશિયા પાસેથી વધુ પાંચ નવી S-૪૦૦ એર ડિફેન્સ સિસ્ટમ ખરીદવાની ગંભીરતાપૂર્વક તૈયારી કરી રહી છે. જો આ સંરક્ષણ સોદા પર અંતિમ મહોર વાગી જશે તો ભારતીય વાયુસેનાના કાફલામાં કુલ ૧૦ S-૪૦૦ એર ડિફેન્સ સિસ્ટમ



સામેલ થઈ જશે જે દેશની રક્ષણાત્મક શક્તિને વૈશ્વિક સ્તરે ટોચ પર લઈ જશે.

મીડિયા અહેવાલો મુજબ ભારત આ સિસ્ટમ વહેલી તકે મેળવવા માટે રશિયા સાથેના રાજદ્વારી અને સૈન્ય પ્રયાસોને વધુ વેગ આપી રહ્યું છે.

આ પ્રક્રિયાના ભાગરૂપે ભારતીય સંરક્ષણ મંત્રાલયની ડિફેન્સ એક્વિઝિશન કાઉન્સિલ (DAC) દ્વારા તાજેતરમાં ૧૨ ફેબ્રુઆરીના રોજ અનેક મહત્વના સોદાઓને લીલી ઝંડી આપવામાં આવી છે. આ બેઠકમાં લેવાયેલા નિર્ણય મુજબ ભારત રશિયા પાસેથી અંદાજે દસ હજાર કરોડ રૂપિયાના ખર્ચે S-૪૦૦ સિસ્ટમ માટે વધુ ૨૮૮ અત્યાધુનિક મિસાઈલો ખરીદશે. 'ઓપરેશન સિંદૂર' દરમિયાન S-૪૦૦ સિસ્ટમે જે રીતે પાકિસ્તાની વિમાનો અને તેમના સૈન્ય મથકો પર સચોટ પ્રહાર કર્યા હતા તેનાથી ભારતીય સેનાના મનોબળમાં અભૂતપૂર્વ વધારો થયો છે. તે સમયે આ સિસ્ટમે સીમા પાર ૩૧૪ કિલોમીટર સુધી ઊંડે જઈને સફળ હુમલો કર્યો હતો જેના કારણે પાકિસ્તાનને પોતાના વ્યૂહાત્મક એરબેઝ પાછળ ખસેડવાની ફરજ પડી હતી. આ ભવ્ય સફળતાને પગલે ભારતીય સેના હવે S-૪૦૦ના વધુ પાંચ સ્ક્વોડ્રન સાથે રશિયાની જ 'પેન્ટસર' શોર્ટ રેન્જ સિસ્ટમ ખરીદવાની પણ યોજના બનાવી રહી છે. S-૪૦૦ સિસ્ટમ મૂળ રશિયન બનાવટની હોવા છતાં ભારતીય સૈન્યએ જે કૌશલ્યપૂર્વક તેનો ઉપયોગ કર્યો છે તેનાથી રશિયા પોતે પણ દંગ રહી ગયું છે. સામાન્ય રીતે હવાઈ સંઘર્ષમાં લાંબા અંતરના પ્રહાર બહુ ઓછા જોવા મળે છે પરંતુ ભારતનો ૩૦૦ કિલોમીટરથી વધુનો આ હુમલો સૈન્ય ઈતિહાસમાં અભૂતપૂર્વ સાબિત થયો છે. અત્યારે ભારત પાસે જે પાંચ સિસ્ટમ ઉપલબ્ધ છે તે ચીન અને પાકિસ્તાન સરહદે તૈનાત છે અને આગામી સમયમાં આ સંખ્યા દસ સુધી પહોંચતા ભારતની સુરક્ષા વ્યવસ્થા સંપૂર્ણપણે અભેદ્ય બની જશે.



# ખામેનેઈના મોત બાદ મૌન રહેવા બદલ સોનિયા ગાંધીએ સરકારની ટીકા કરી

ન્યુ દિલ્હી,તા.૦૩

કોંગ્રેસના વરિષ્ઠ નેતા સોનિયા ગાંધીએ ઈન્ડિયન એક્સપ્રેસમાં પ્રકાશિત થયેલા એક લેખ દ્વારા ઈરાનના સુપ્રીમ લીડર અયાતુલ્લા ખામેનેઈના મોત મામલે ભારત સરકારના વલણની આકરી ટીકા કરી છે. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું છે કે કોઈ વર્તમાન રાષ્ટ્રાધ્યક્ષની હત્યા એ આંતરરાષ્ટ્રીય સંબંધોના નિયમોનું ગંભીર ઉલ્લંઘન છે તેમ છતાં નવી દિલ્હી દ્વારા રાખવામાં આવેલું મૌન અત્યંત ચોંકાવનારું છે. સોનિયા ગાંધીના મતે આ મૌન કોઈ તટસ્થતા નથી પરંતુ



ભારતની વૈશ્વિક જવાબદારીમાંથી પીછેહઠ સમાન છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે અમેરિકા અને ઈઝરાયેલના ટાર્ગેટેડ હુમલામાં થયેલી આ હત્યા અને ઈરાનની સાર્વભૌમત્વના ભંગ સામે સરકારે જે નિષ્ક્રિયતા બતાવી છે તે સ્વીકાર્ય નથી.




# વડિયાના સ્વામિનારાયણ દિવ્યધામ ખાતે વિરાટ હિન્દુ સંમેલન યોજાયું

વડિયા,તા.૦૩

સમગ્ર દેશમાં આરએસએસની સ્થાપનાના સો વર્ષ પૂર્ણ થતા શતાબ્દી વર્ષની ઉજવણીના ભાગરૂપે વડિયા મંડલનું વિરાટ હિન્દુ સંમેલન સ્વામિનારાયણ દિવ્યધામના પટાંગણમાં યોજાયું હતું. સંમેલન દરમિયાન આરએસએસના



વિપુલભાઈ જોશી અને આનંદસ્વરૂપ સ્વામીજી દ્વારા હિન્દુ ધર્મનો વિકાસ, સંસ્કૃતિનું જતન અને પર્યાવરણ જાગૃતિ અંગે આવનારી પેઢીને સંદેશો આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે દેશની રક્ષા કાજે ફરજ બજાવતા આર્મીના જવાનો અને તેમના પરિવારજનોને સન્માનિત કરી તેમના પ્રત્યે આદરભાવ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# સા.કુંડલા માનવ મંદિરની સેવામાં વધુ એક સિદ્ધિ: ૧૩૨મી મનોરોગી બહેન સાજી થઈ પિતા સાથે સ્વગૃહે પરત ફરી

સાવરકુંડલા,તા.૦૩

સાવરકુંડલાથી પાંચ કિલોમીટર દૂર હાથસણી રોડ પર આવેલ માનવ મંદિર આશ્રમ ખાતે સારવાર લઈ રહેલી ૧૩૨મી મનોરોગી બહેન સંપૂર્ણ સ્વસ્થ થતા, તેના પિતા માનવ મંદિર આવીને દીકરીને આદરપૂર્વક તેડી ગયા હતા.

ભક્તિરામ બાપુની નિશ્રામાં છેલ્લા ૧૩ વર્ષથી આ આશ્રમ કાર્યરત છે, જ્યાં દવા, દુવા અને હવાના માધ્યમથી મનોરોગી બહેનોની સેવા કરવામાં



તસવીર : સૌરભ દોશી

આવે છે. આ આશ્રમમાં કોઈ પણ પ્રકારની ફી લેવામાં આવતી નથી કે ફાળો ઉઘરાવવામાં આવતો નથી. જ્ઞાતિ-જાતિના ભેદભાવ વગર, પોલીસ જે બહેનોને અહીં મૂકવા આવે છે તેમને આશ્રય આપી ઉદ્ધાર કરવામાં આવે છે. અત્યાર સુધીમાં ૧૩૨ બહેનો સાજી થઈને પોતાના પરિવાર સાથે પુનઃસ્થાપિત થઈ છે.

# ચલાલામાં પૂ. વેલનાથ બાપુની તિથિ નિમિતે બેઠક મળી

અમરેલી,તા.૦૩



ચલાલામાં પૂ. વેલનાથ બાપુની પવિત્ર તિથિ નિમિત્તે કોળી સમાજના આગેવાનો અને યુવાનોની એક પ્રેરણાદાયી બેઠક યોજાઈ હતી. આ મહોત્સવને યાદગાર બનાવવા માટે ધાર્મિક કાર્યક્રમો, ભજન-કીર્તન અને મહાપ્રસાદનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. વ્યવસ્થા જાળવવા માટે વિવિધ સમિતિઓની રચના કરી જવાબદારીઓ સોંપાઈ છે. વડીલોએ સમાજમાં સંગઠન અને સંસ્કારોના જતન પર ભાર મૂક્યો હતો. આ બેઠક દ્વારા સમગ્ર વિસ્તારના સમાજબંધુઓને એકતા સાથે મહોત્સવમાં જોડાવવા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવશે.

# અમરેલીની સેવાભાવિ સંસ્થા સંવેદન ગૃપ દ્વારા ૧૦૯મું નેત્રદાન સ્વીકારાયું

અમરેલી,તા.૦૩

અમરેલીની જાણીતી સેવાભાવી સંસ્થા સંવેદન ગૃપ દ્વારા ૧૦૯મું નેત્રદાન સ્વીકારી માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું છે. બાબરા તાલુકાના ચમારડી ગામે વસતા પ્રભાબેન જાદવભાઈ વાવડિયાનું ૬૧ વર્ષની વયે અવસાન થતા, શોકમગ્ન વાવડિયા પરિવારે



તેમના નેત્રદાનના સંકલ્પને પ્રાધાન્ય આપ્યું હતું. અગાઉ ડી.જે.બી.એસ. ફાઉન્ડેશનના જાગૃતિ કાર્યક્રમમાં પ્રભાબેને ચક્ષુદાન માટે ફોર્મ ભર્યું હતું, જે યાદ રાખી પરિવારે શીતલ આઈસ્ક્રીમના ભૂપતભાઈ ભુવા મારફતે સંવેદન ગૃપનો સંપર્ક કર્યો હતો. મધ્યરાત્રિએ સંવેદન ગૃપના પ્રમુખ વિપુલ ભટ્ટી, મેહુલભાઈ વ્યાસ અને રોઝાદાર મોહસીન બેલિમે સેવા આપી ચક્ષુદાન સ્વીકાર્યું હતું. આ જાગૃતિ બે અંધજનોના જીવનમાં નવી રોશની લાવશે.

# રાજુલાના જૂની કાતર ગામ પાસે બાઈકની ટક્કરે બાળકને ગંભીર ઈજા

અમરેલી,તા.૦૩



રાજુલાના જૂની કાતર ગામ પાસે એક અકસ્માત સર્જાયો હતો, જેમાં ૧૦ વર્ષીય જીતુ વજાભાઈ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો છે. બાળક ઘરે જઈ રહ્યો હતો ત્યારે પૂરપાટ ઝડપે આવતી મોટરસાયકલે તેને અડફેટે લીધો હતો. ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા તેને પ્રથમ સરકારી હોસ્પિટલ અને ત્યારબાદ પગમાં ગંભીર ઈજા હોવાથી વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.આ બાબતે બાળકના પરિવારે પોલીસને જાણ કરતા પોલીસે આ બાબતે કાર્યવાહી હાથ ધરી છે.

# CWC પીપાવાવ ખાતે સ્થાપના દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી

અમરેલી,તા.૦૩

સેન્ટ્રલ વેરહાઉસિંગ કોર્પોરેશન પીપાવાવ દ્વારા ૨ માર્ચ ૨૦૨૬ના રોજ સંસ્થાના સ્થાપના દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ વિશેષ પ્રસંગે કસ્ટમ્સના ડેપ્યુટી કમિશનર વિજય ખેમાણીએ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારી હતી. વિશિષ્ટ અતિથિ તરીકે ઓએનજીસીના આર.કે. ઓમકાર અને તાહિર શૈખ તેમજ રેલવે વિભાગના અધિકારીઓ હાજર રહ્યા હતા. ઉપરાંત



રામપરા ગ્રામ પંચાયતના સરપંચ ચનાભાઈએ પણ વિશેષ આમંત્રિત તરીકે હાજરી આપી હતી. સમગ્ર આયોજન CWCના મેનેજર મુશર્રફ ખાન, એક્ઝિક્યુટિવ જનરલ મેહુલ પંડ્યા અને એક્ઝિક્યુટિવ ટેક્નિકલ કલ્યાણ ઘોષના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક સંપન્ન થયું હતું.

# જૂની અદાવતમાં યુવકને આંતરી જાનથી મારી નાખવાની ધમકી

બાબરા, તા.૦૩

જસદણમાં રહીને સિક્યુરિટી ગાર્ડની નોકરી કરતાં ઉદયભાઇ અશોકભાઇ ધાધલે જસદણના સતવીર ધીરૂભાઇ ગીડા સામે ફરિયાદ નોંધાવી હતી. બાબરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, તેમની અને આરોપી સતવીર ધીરૂભાઇ ગીડા (રહે. જસદણ) વચ્ચે અગાઉના કેસ બાબતે મનદુઃખ ચાલી રહ્યું હતું. આ વિવાદને પગલે આરોપીએ તેમનો રસ્તો રોકી, ગાળો આપીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. તેમણે અગાઉ તા.૧૫/૦૭/૨૨ના રોજ આરોપી સતવીર ગીડા અને અન્ય ૪ વ્યક્તિઓ વિરુદ્ધ બાબરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. આરોપી વિરુદ્ધ રાજકોટ કોર્ટમાં ગુજસીટોક હેઠળ ગંભીર કેસ ચાલી રહ્યો છે. આ ગુજસીટોક કેસમાં તેઓ સાક્ષી તરીકે જુબાની આપવા જતા હોવાથી આરોપી તેના પર રોષે ભરાયો હતો.

# ગજેરા શૈક્ષણિક ગર્લ્સ સંકુલમાં વિજ્ઞાન મેળો યોજાયો

અમરેલી,તા.૦૩

અમરેલીમાં શાંતાબેન હરીભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ) ખાતે કાર્યરત લેઉવા પટેલ ટ્રસ્ટ ઉચ્ચ પ્રાથમિક શાળા, પી.આર. ધામી પ્રાથમિક કન્યા શાળા, એસ.એમ. વઘાસિયા ઈંગ્લીશ મિડીયમ સ્કૂલમાં વિદ્યાર્થીઓને વિજ્ઞાન પ્રત્યે રસ વધારવા ભવ્ય વિજ્ઞાન મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ વિવિધ વૈજ્ઞાનિક



વિષયો પર આકર્ષક અને સર્જનાત્મક પ્રોજેક્ટ તૈયાર કર્યા હતાં.

અમરેલી જીલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)ના અગ્રણીઓએ મેળામાં વિવિધ પ્રોજેક્ટ નિહાળ્યા હતા અને વિદ્યાર્થીઓ અને શિક્ષકોને અભિનંદન પાઠવ્યા હતા.

# સાવરકુંડલાની કાણકિયા કોલેજ ખાતે ૫૫માં વાર્ષિકોત્સવ 'વસંતોત્સવ'ની ભવ્ય ઉજવણી

સાવરકુંડલા,તા.૦૩

સાવરકુંડલામાં આવેલી વી.ડી. કાણકિયા આર્ટ્સ અને એમ.આર. સંઘવી કોમર્સ કોલેજ ખાતે ૫૫મો વાર્ષિકોત્સવ ×વસંતોત્સવ× અત્યંત ઉત્સાહભેર ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે શિક્ષણ, રમત-ગમત અને સાંસ્કૃતિક ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિ મેળવનાર વિદ્યાર્થીઓને



તસવીર : સૌરભ દોશી

મહાનુભાવોના હસ્તે પુરસ્કૃત કરવામાં આવ્યા હતા.કાર્યક્રમમાં માનવ મંદિરના ભક્તિરામ બાપુએ આશીર્વચન પાઠવ્યા હતા. ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરતા સાવરકુંડલાને ટૂંક સમયમાં સાયન્સ કોલેજ અપાવવાનું વચન આપ્યું હતું. આ ઉપરાંત નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, ડો. દીપકભાઈ શેઠ, માર્કેટિંગ યાર્ડના ચેરમેન દીપકભાઈ માલાણી સહિતના હાજર રહ્યાં હતા.

# બાબરાના અમરાપરા ગામે ગેસ લીકેજ બાદ ધડાકો: સ્વીચ ચાલુ કરતા જ આગ ફાટી નીકળી

**આધેડ શરીરે દાઝી જતા તાત્કાલિક સારવાર અર્થે ખસેડવામાં આવ્યા**

બાબરા, તા.૦૩

બાબરા તાલુકાના અમરાપરા ગામે આજે વહેલી સવારે ગેસ લીકેજના કારણે સર્જાયેલા અકસ્માતમાં એક વ્યક્તિ ગંભીર રીતે દાઝી જવાની ઘટના સામે આવી છે.

રસોડામાં લાઈટની સ્વીચ ચાલુ કરતા જ ગેસના બાટલામાં બ્લાસ્ટ થતા અફરાતફરી મચી ગઈ હતી. અમરાપરા ગામમાં રહેતા નારણભાઈ જેઠાભાઈ ધોળકીયા (ઉ.વ.૫૬) સવારે આશરે પોણા છ વાગ્યાના સુમારે પોતાના ઘરે રસોડામાં ગયા હતા. રસોડામાં અંધારું હોવાથી તેમણે જેવી લાઈટની સ્વીચ ચાલુ કરી, કે તરત જ ત્યાં પહેલેથી લીક થઈ રહેલા એચ.પી. કંપનીના ગેસના બાટલામાં અકસ્માતે આગની જ્વાળાઓ સાથે જોરદાર બ્લાસ્ટ થયો હતો. આ અકસ્માતમાં ગેસની જ્વાળાઓની લપેટમાં આવી જવાથી તેમને બંને પગના પંજા (પોચા) પર, ડાબા હાથના પંજા પર, પેટના ભાગે ઈજા પહોંચી હતી.ઘટના બનતા જ આસપાસના લોકો દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્તને તાત્કાલિક સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ આર.જી.રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.










# અમરેલી જિલ્લામાં રૂ. ૭૦.૬૨ કરોડના MVCC પ્રોજેક્ટનો પ્રારંભ

**ઊર્જા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયા દ્વારા દેવરાજીયા ખાતેથી કામગીરીનો શુભારંભ**

અમરેલી,તા.૦૩

અમરેલી જિલ્લામાં વીજ પુરવઠાની વ્યવસ્થાને વધુ સુદ્રઢ અને આધુનિક બનાવવાના હેતુથી રાજ્ય સરકાર દ્વારા એક મહત્વકાંક્ષી પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે. આ યોજના અંતર્ગત અંદાજે રૂ. ૭૦.૬૨ કરોડના ખર્ચે મીડિયમ વોલ્ટેજ કવર્ડ કન્ડક્ટર એટલે કે MVCC કેબલ લગાડવાની કામગીરીનો પ્રારંભ કરવામાં આવ્યો છે. ઊર્જા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાના વરદહસ્તે દેવરાજીયા મુકામેથી આ પ્રોજેક્ટનું વિધિવત ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ (PGVCL) દ્વારા હાથ ધરવામાં આવેલા આ પ્રોજેક્ટના પ્રથમ તબક્કામાં અમરેલી જિલ્લાના કુલ ૪૫ ફીડરોને આવરી લેવામાં આવશે, જેમાં અંદાજે ૯૪૫ કિલોમીટરની લંબાઈમાં આ ખાસ પ્રકારના સુરક્ષિત કેબલ બિછાવવામાં આવશે. આ કામગીરીના પ્રારંભિક ભાગરૂપે દેવરાજીયા ફીડર પર ૧૮ કિલોમીટર લાંબો કેબલ અંદાજે રૂ. ૧.૪૧ કરોડના ખર્ચે નાખવામાં આવશે. આ પ્રસંગે રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું હતું કે આ પ્રોજેક્ટ પૂર્ણ થવાથી જિલ્લાના વીજ ગ્રાહકોને અપાતા વીજ પુરવઠાની ગુણવત્તામાં વ્યાપક સુધારો જોવા મળશે. MVCC ટેકનોલોજીના ઉપયોગથી પવન, અતિવૃષ્ટિ કે વૃક્ષોની ડાળીઓ પડવાને કારણે થતા વીજ ટ્રિપિંગના બનાવોમાં મોટો ઘટાડો થશે, જેના પરિણામે તમામ ઋતુઓમાં સાતત્યપૂર્ણ અને વિક્ષેપ રહિત વીજળી મળી રહેશે. આ ટેકનોલોજીનો બીજો મોટો ફાયદો એ છે કે તેનાથી લાઈન લોસમાં ઘટાડો થશે અને વીજ ચોરી જેવી સમસ્યાઓ પર પણ અંકુશ મેળવી શકાશે. ખાસ કરીને અમરેલી જિલ્લાના દરિયાકાંઠાના વિસ્તારો એવા રાજુલા અને જાફરાબાદ તાલુકામાં ખારાશવાળા વાતાવરણને કારણે વીજ લાઈનોમાં કાટ લાગવાની ગંભીર સમસ્યા રહેતી હોય છે, જેમાંથી હવે કાયમી મુક્તિ મળશે. હાલમાં આ યોજનામાં જ્યોતિગ્રામ યોજના હેઠળ આવતા ગામો અને અન્ય ગ્રામીણ વિસ્તારોને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. રાજ્ય સરકાર શહેરી અને ગ્રામીણ એમ બંને વિસ્તારોમાં સમાન અને ગુણવત્તાયુક્ત ઊર્જા પહોંચાડવા માટે કટિબદ્ધ છે. આ કાર્યક્રમ દરમિયાન જિલ્લા પંચાયતના સભ્ય મહિડા, PGVCના ડેપ્યુટી એન્જિનિયર દહિયા સહિત વીજ કંપનીના અધિકારીઓ, સ્થાનિક અગ્રણીઓ અને દેવરાજીયાના ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.





## સાવરકુંડલામાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની ૩ બોટલ મળી

સાવરકુંડલા, તા.૦૩

સાવરકુંડલાના બેટીયાવાસમાં મહિલા પાસેથી ભારતીય બનાવટના વિદેશી દારૂની ૩ બોટલ મળી હતી. પોલીસે ૨૪૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરી ધોરણસરની કાર્યવાહી કરી હતી. જિલ્લામાં ૭ મહિલા સહિત ૨૪ લોકો પાસેથી પીવાનો દેશી દારૂ મળ્યો હતો. આ સિવાય જિલ્લામાંથી ૧૨ લોકો પાસ પરમીટ વગર કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા.

## અમરેલીમાંથી કતલખાને લઈ જવાતાં ૧૧ પશુઓ બચાવાયા

અમરેલી, તા.૦૩

અમરેલી મારૂતી સુઝુકી શો રૂમ પાસેથી કતલખાને લઈ જવાતાં ૧૧ પશુઓને બચાવાયા હતા. ગઢડામાં રહેતા ઈલીયાશભાઈ યુનુશભાઈ સુવાણ તથા બગસરામાં રહેતા પ્રફુલભાઈ જીણાભાઈ ગોહેલ કતલ કરવાના ઈરાદે, તેમના ટ્રકમાં ભેંસ જીવ નંગ ૭, તેમજ નાના ભેંસના બચ્ચા નંગ ૪ ને ટ્રકમાં બાંધીને કતલ કરવાના ઈરાદે લઈ જતા ઝડપાયા હતા. પોલીસે ટ્રક, પશુઓ મળી કુલ ૬,૯૫,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરી કાર્યવાહી કરી હતી.

## ખાંભાના બોરાળા ગામે કૂવામાં ખાબકેલા મગરનું રેસ્ક્યુ કરાયુ

**મગરનું મેડીકલ ચેકઅપ કરી નદીમાં છોડી મુકાયો**

અમરેલી,તા.૦૩

ખાંભા તાલુકાના બોરાળા ગામે એક વિશાળકાય મગર કૂવામાં ફસાઈ જવાની ઘટના સામે આવી હતી. આ મગર ગામના ખેડૂત ધીરુભાઈ વાઘાણીની વાડીમાં આવેલા એક ખાલી કૂવામાં અચાનક ખાબક્યો હતો. કૂવામાં મગર હોવાની જાણ થતા જ આસપાસના વિસ્તારમાં ફફડાટ ફેલાઈ ગયો હતો. જોકે, ગ્રામજનોએ સમય સૂચકતા વાપરી તુરંત જ ખાંભા રેન્જ વન વિભાગને આ બાબતે જાણ કરી હતી. વન વિભાગની ટીમ કોઈ પણ વિલંબ કર્યા વગર ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને સમગ્ર વિસ્તારને કોર્ડન કરી મગરને સુરક્ષિત બહાર કાઢવા માટેની કામગીરી હાથ ધરી હતી.આ રેસ્ક્યુ ઓપરેશન વન વિભાગના આર.એફ.ઓ.ના સીધા માર્ગદર્શન હેઠળ અત્યંત સાવચેતીપૂર્વક કરવામાં આવ્યું હતું. વનકર્મીઓએ ભારે જહેમત બાદ મગરને પાંજરામાં પૂરી કુશળતાપૂર્વક કૂવાની બહાર કાઢ્યો હતો. બહાર કાઢ્યા બાદ વન વિભાગ દ્વારા મગરનું મેડિકલ ચેકઅપ કરાવવામાં આવ્યું હતું, જેમાં તે સંપૂર્ણપણે સ્વસ્થ હોવાનું માલુમ પડ્યું હતું. ત્યારબાદ આ મગરને નજીકની નદીમાં સુરક્ષિત રીતે મુક્ત કરવામાં આવ્યો હતો.



## અમરેલીના આંગણવાડી કેન્દ્ર ટેલીફોન ક્વાર્ટર નં.૧૭૨માં વસ્ત્રદાન કરાયુ

અમરેલી,તા.૦૩

અમરેલી શહેરના ટેલીફોન ક્વાર્ટર નંબર ૧૭૨ ખાતે અખિલ ભારતીય કોળી સમાજના મંત્રી અને સામાજિક કાર્યકર સુનિલભાઈ ઝિંઝુવાડીયા દ્વારા ગરીબ બાળકોને વસ્ત્ર દાન કરવાનો એક પ્રેરણાદાયી કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે આંગણવાડી વર્કર ભારતીબેન ડાબસરા તથા તેડાગર બહેન પાયલબેન ત્રાડ પણ વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે સુનિલભાઈ ઝિંઝુવાડીયા અવારનવાર ફ્રુટ વિતરણ, અન્નદાન અને વસ્ત્રદાન જેવી પરોપકારી પ્રવૃત્તિઓ દ્વારા સમાજમાં સક્રિય યોગદાન આપી રહ્યા છે




# ૧૦ મહિનાથી ફરાર આરોપીને સાવરકુંડલા ટાઉન પોલીસે પકડયો

**અમરેલી સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં પણ બે ગૂના નોંધાયેલા**

સાવરકુંડલા,તા.૦૩

સાવરકુંડલાના મણીનગરના ૨૯ વર્ષીય રહેવાસી ઈમરાનભાઈ ઉર્ફે ટીમો યુસુફભાઈ સુમરા (ધંધો.ખેતીકામ) સામે સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનમાં અને અમરેલીના સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં બે ગુના નોંધાયા હતા. આ આરોપી પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે છેલ્લા દસેક માસથી નાસતો ફરતો હતો. આ આરોપીને ટેકનીકલ સોર્સીસ તથા હ્યુમન સોર્સના આધારે સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી પકડીને કાર્યવાહી કરવામાં આવેલ છે. આ કામગીરી સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર સી.એસ.કુગસીયા, એ.એસ.આઈ. જીજ્ઞેશભાઈ અમરેલીયા, હેડ કોન્સ.નાગભાઈ કીકર, પો.કોન્સ.જયપાલસિંહ ગોહિલ તથા ભરતભાઈ શીરોલીયા દ્વારા કરવામાં આવેલ છે.



# વીજપડીના વેપારી સાથે 'ફ્રી ડિવાઈસ'ના નામે એક લાખની ઓનલાઈન ઠગાઈ

**ઇન્સ્ટાગ્રામ પર ઓફર આપી જાળ બિછાવી**

સાવરકુંડલા, તા.૦૩

સાવરકુંડલા તાલુકાના વીજપડી ગામમાં રહેતો એક વેપારી ઓનલાઈન છેતરપિંડીનો શિકાર બન્યો હતો. ઈન્સ્ટાગ્રામ પર ફ્રી ડિવાઈસ ઓફરની લાલચ આપી ગઠિયાઓએ વેપારી પાસેથી કટકે-કટકે કુલ એક લાખ પડાવી લીધા હોવાની ફરિયાદ સામે આવી હતી.

ભાવીનકુમાર દિનેશભાઈ વોરા (ઉ.વ.૨૭) એ ચાર લોકો સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, વેપારીને ઈન્સ્ટાગ્રામ આઈડી 'moneyon5014' પરથી "Free Device Offer" નામે સ્વાઈપ મશીન અને બાયોમેટ્રિક ફિંગરપ્રિન્ટ સ્કેનર મેળવવાની ઓફર મળી હતી. આ ઓફરના બહાને ગઠિયાઓએ વેપારીનો સંપર્ક કર્યો હતો. આ ઠગાઈમાં સામેલ શખ્સોએ પોતાની ઓળખ 'Naveepy' નામની કંપનીના પ્રતિનિધિ તરીકે આપી હતી. ફોન નંબર ૭૮૭૭૬૮૭૨૮૪ અને ૯૮૨૮૫૫૯૯૮૦ પરથી મોહિત નામના વ્યક્તિએ વાત કરી વેપારીનો વિશ્વાસ જીત્યો હતો. આ ઉપરાંત અન્ય મોબાઈલ નંબરો (૮૨૩૩૮૩૦૯૫૧ અને ૮૭૩૯૮૨૫૧૫૪) પરથી પણ સંપર્ક કરી વેપારીને લાલચ આપવામાં આવી હતી. ગઠિયાઓએ વેપારીને નવા આધાર કાર્ડ, પાનકાર્ડ કાઢવા તેમજ તેમાં સુધારા-વધારા કરવા માટે અને બેંકોમાં અલગ-અલગ એકાઉન્ટ ખોલવા માટેની આઈડી આપવાની લાલચ આપી હતી.

આઈડી અને ડિવાઈસ આપવાના બહાને આરોપીઓએ વેપારી પાસેથી જુદી-જુદી રકમના ઓનલાઈન ટ્રાન્ઝેક્શન કરાવ્યા હતા. વિશ્વાસમાં આવી ગયેલા વેપારીએ કુલ રૂ. એક લાખ ચૂકવી દીધા હતા, પરંતુ બાદમાં કોઈ આઈડી કે ડિવાઈસ ન મળતા અને સામેથી ફોન બંધ થઈ જતા વેપારીને પોતે છેતરાયા હોવાનો અહેસાસ થયો હતો. પોલીસે ગુનો નોંધી ટેકનિકલ સર્વેલન્સની મદદથી ઠગ ટોળકી સુધી પહોંચવા માટે ચક્રો ગતિમાન કર્યા હતા.

## ચલાલા ખાતે માનવ સેવા ટ્રસ્ટ દ્વારા હનુમાનજીનો પાટોત્સવ યોજાયો

ચલાલા,તા.૦૩

ચલાલા ખાતે શ્રી મોગલમાં માનવ સેવા ટ્રસ્ટ દ્વારા સાઈનાથ મંદિરના સાનિધ્યમાં હનુમાનજી મંદિરનો પાટોત્સવ અને નવનિયુક્ત હોદ્દેદારોનો સન્માન સમારોહ ભવ્યતાથી યોજાયો હતો. ગઢીયા ગીર દાનેવ ધામના મહંત હર્ષદ બાપુ ભગતની પાવન ઉપસ્થિતિમાં આ કાર્યક્રમે આધ્યાત્મિક ગૌરવ પ્રાપ્ત કર્યું હતું. ટ્રસ્ટ છેલ્લા ૧૭ વર્ષથી શિક્ષણ, આરોગ્ય અને જરૂરિયાતમંદોની સેવા જેવી પ્રવૃત્તિઓ અવિરત ચલાવી રહ્યું છે. આ પ્રસંગે અમરેલી જિલ્લા ભાજપ ઉપપ્રમુખ તરીકે ગીતાબેન કારીયા અને બક્ષીપંચ મોરચાના મહામંત્રી તરીકે ભઈલુભાઈ વાળાનું વિશેષ સન્માન કરાયું હતું.


તસવીર : દિપ કારીયા

## મોરબીના રવાપરથી મહારાષ્ટ્ર જતી રૂ.૧૩.૮૪ લાખની તુવેરની બારોબાર ઉચાપત

ગોંડલ, તા.૦૩

મોરબી તાલુકાના રવાપર ગામે આવેલા નાફેડના ગોડાઉનમાંથી મહારાષ્ટ્ર મોકલવા માટે ભરેલી લાખો રૂપિયાની તુવેર બારોબાર વેચી મારવાનું એક સુનિયોજિત કૌભાંડ પ્રકાશમાં આવ્યું છે. આ મામલે ટ્રક ચાલક સહિતના શખ્સો સામે છેતરપિંડી અને વિશ્વાસઘાતનો ગુનો નોંધાયો હતો. ગોંડલમાં રહેતા અને ટ્રાન્સપોર્ટનો ધંધો કરતાં રજનીકાંત મનહરલાલ પંડ્યા (ઉ.વ.૬૨) એ બોટાદમાં રહેતા ટ્રક માલિક જયદિપસિંહ ભરતસિંહ પરમાર અને ડ્રાઈવર શીવલાલ ધીરજલાલ વડગામા તથા લાઠીના ભીંગરાડ ગામના સંજયભાઈ આણદાણી સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના મોરબીના રવાપર નાફેડ ગોડાઉન ખાતેથી અંદાજે ૩૧.૪ ટન તુવેર ભરીને ટ્રકને મહારાષ્ટ્રના આકોલા ખાતે ખાલી કરવા માટે ભાડે કરવામાં આવ્યો હતો. જોકે, આરોપીઓએ મહારાષ્ટ્ર જવાને બદલે આ માલ અન્યત્ર ડાયવર્ટ કરી દીધો હતો. આરોપીઓએ માલ આકોલામાં ખાલી થઈ ગયો હોવાનું ખોટું લોકેશન મોકલી ફરિયાદીને ગેરમાર્ગે દોર્યા હતા અને ત્યારબાદ પોતાનો ફોન બંધ કરી દીધો હતો. જ્યારે ફરિયાદીએ લાઠી ખાતે આવી તપાસ કરી ત્યારે જાણવા મળ્યું કે આરોપીઓએ કુલ ૩૧.૪ ટન તુવેરમાંથી ૨૦.૩ ટન તુવેર બારોબાર ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં વેચી દીધી હતી. એક ટનના રૂ.૬૮,૨૧૦ લેખે કુલ રૂ.૧૩,૮૪,૬૬૩ ની મત્તાની છેતરપિંડી આચરવામાં આવી હતી.

### અવસાન નોંધ

**ચલાલા**

સ્વ.ધીરંજલાલ જીવન લાલ ઉનડકટ (ઉ.વ.૭૮)નું તા.૦૧/૦૩/૨૦૨૬ના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. તે સ્વ.રસિકભાઈ (ગાંધી મેડિક્લ, લીલીયા મોટા), ચંદુલાલ ગોલ્ડન ટી ડેપો ચલાલા), સ્વ.દિનેશભાઈ (જલારામ ફૂટવેર સુરત), સ્વ. નવલભાઈ તેમજ સુરેશભાઈ જીવનલાલ ઉનડકટ (ચલાલા મેડિક્લ ચલાલા)ના ભાઈ તેમજ સંજયભાઈ ઉનડકટ (ભક્તિ મેડિક્લ રાજકોટ)ના પિતાશ્રી થાય છે. તેમનુ સદગતની સાદડી તા.૦૫/૦૩/૨૦૨૬ને ગુરુવારના રોજ સાંજે ૪થી ૫ સુધી મૂળીમાંની જગ્યામાં ચલાલા રાખેલ છે.


GST ઘટાડા સાથે આજે જ ટાયર ખરીદો

ફોર વ્હીલ કાર - બાઈક - એક્ટીવા ટ્રક - બસ - ઈકો - બોલેરો - કેરી વગેરેના ટાયર
10% GST ઘટાડા સાથે આજે જ ખરીદો



ટ્રેક્ટર - મીની ટ્રેક્ટર - સનેડો ખેતીને લગતા ટાયર
13% GST ઘટાડા સાથે આજે જ ખરીદો

અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.

ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ, ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ

સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.

ઓજસ કલાસીસ - અમરેલી | દિપક ભટ્ટ : 98797 69451
: આખા દિવસનું ટાઈમ ટેબલ :


| | |
|---|---|
| સવારે : ૮ થી ૧૦ | સ્પોકન ઈંગ્લિશનાં વર્ગો |
| સવારે : ૧૦ થી ૧૨ | સ્પર્ધાત્મક પરીક્ષાનાં વર્ગો |
| બપોરે : ૧૨ થી ૨ | ગણિત/રીઝનિંગનાં વર્ગો |
| બપોરે : ૨ થી ૪ | સ્પર્ધાત્મક પરીક્ષાનાં વર્ગો |
| બપોરે : ૪ થી ૬ | સ્પોકન ઈંગ્લિશનાં વર્ગો |
| સાંજે : ૬ થી ૮ | સ્પર્ધાત્મક પરીક્ષાનાં વર્ગો |

: ફી ની વિગત :
→ કલાસીસની માસિક ફી : રૂા.૧૦૦૦/-
→ લાઈબ્રેરીની માસિક ફી : રૂા.૧૦૦૦/-
કલાસીસ અને લાઈબ્રેરી બંનેમાં સાથે જોઈન કરો તો... માસિક ફી : રૂા.૧૫૦૦/- માં



BLUE BUDDHA
Shopping With us can be very rewarding
END OF SEASON SALE
BUY 1 GET 1 FREE
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
મનિષ વાકોતર
વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in
નોંધ : અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.

શું તમને સાંભળવાની તકલીફ છે ?



- નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
- બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
- વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
- જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
- પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય

કાનના મશીન



કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન

અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

**તંત્રી લેખ**

# ભયાનક યુદ્ધની ગુજરાત પર ઘેરી અસર

મધ્ય પૂર્વમાં વધતા ભયાનક યુદ્ધને કારણે વિશ્વવ્યાપી વેપાર વ્યવસ્થા હચમચી ગઈ છે અને તેનો સીધો પ્રભાવ ગુજરાતના ઉદ્યોગો પર જોવા મળી રહ્યો છે. ગુજરાત ભારતનું મહત્વપૂર્ણ ઉત્પાદન કેન્દ્ર અને દરિયાઈ પ્રવેશદ્વાર માનવામાં આવે છે. દેશના કુલ એક્ઝિમ કાર્ગોમાંથી લગભગ ૪૦ ટકા હિસ્સો રાજ્યના બંદરો સંભાળે છે. આવી પરિસ્થિતિમાં હોર્મુઝ જળસંધિમાં ઊભેલા તણાવ અને શિપિંગ માર્ગોમાં આવેલા વિક્ષેપને કારણે રાજ્યના નિકાસકારો ભારે અનિશ્ચિતતામાં મુકાયા છે. ખાડીનો દરિયાઈ માર્ગ વિશ્વના સૌથી વ્યસ્ત તેલ માર્ગોમાંનો એક છે. ભારતનું લગભગ અડધું ક્રૂડ ઓઈલ આ માર્ગ દ્વારા આવે છે. અહીં સર્જાયેલા સંઘર્ષ અને સુરક્ષા જોખમોને કારણે ઊર્જા પુરવઠા અંગે ગંભીર ચિંતા ઊભી થઈ છે. ઊર્જા મોંઘી બનવાથી ઉત્પાદન ખર્ચમાં વધારો થવાની શક્યતા છે. આ પરિસ્થિતિએ ખાસ કરીને મોરબીના સિરામિક ઉદ્યોગને ગંભીર અસર પહોંચાડી છે. મોરબીનું સિરામિક હબ અંદાજે રૂ. ૬૦,૦૦૦ કરોડના વાર્ષિક ટર્નઓવર સાથે દેશનું અગ્રણી કેન્દ્ર છે. અહીંની ફેક્ટરીઓ વર્ષભર ગેસ પર આધારિત છે. ઉદ્યોગને દરરોજ લગભગ ૫૫ લાખ સ્ટાન્ડર્ડ ક્યુબિક મીટર પ્રોપેન ગેસ અને ૨૫ થી ૩૦ લાખ SCM પાઈપ્ડ ગેસની જરૂર પડે છે. તાજેતરમાં સાઉદી અરામકો પર થયેલા હુમલાના કારણે ઓઈલ સપ્લાયમાં વિક્ષેપ સર્જાતા પ્રોપેનની ઉપલબ્ધતા ઘટી ગઈ હતી. પરિણામે મોરબીના લગભગ ૬૦ ટકા એકમો તેમની જરૂરિયાતના માત્ર ૩૦ ટકા પુરવઠા પર કામ ચલાવી રહ્યા છે. ઉદ્યોગકારો માટે સૌથી મોટી ચિંતા એ છે કે ગેસનો સતત પુરવઠો જળવાઈ રહેશે કે નહીં. ઘણા એકમોએ વિકલ્પ રૂપે ગુજરાત ગેસ નો સંપર્ક કર્યો છે, પરંતુ નવા કરારો અંગે સ્પષ્ટતા નથી. જો ઊર્જા પુરવઠો અસ્થિર રહેશે તો ઉત્પાદન ખોરવાશે અને નિકાસ ઓર્ડરો સમયસર પૂરા કરવું મુશ્કેલ બનશે. વધતી અનિશ્ચિતતા વચ્ચે મોટા ઓર્ડરો રદ થવાનો ભય પણ ઊભો થયો છે. દુબઈ આ વેપારનું મુખ્ય કેન્દ્ર છે. અહીં આવેલું જેબેલ અલી પ્રો સમગ્ર વિસ્તાર માટે અગત્યનું ટ્રાંઝિટ હબ છે. હાલમાં ત્યાં કામગીરીમાં અવરોધ ઊભા થતા શિપમેન્ટ અટવાઈ રહ્યા છે. ઘણી વખત માલ પહેલા જેબેલ અલી પહોંચે છે અને ત્યારબાદ રોડ માર્ગે પડોશી દેશોમાં મોકલાય છે. હવે આ સંપૂર્ણ શૃંખલા ધીમી પડી ગઈ છે. ગુજરાતના કંડલા સહિતના બંદરો પર પણ પરોક્ષ અસર જોવા મળી રહી છે. મુખ્ય શિપિંગ લાઈનો દ્વારા પ્રતિ કન્ટેનર $૨,૦૦૦ સુધીનો "કૉન્ફ્લિક્ટ સરચાર્જ" લાદવામાં આવ્યો છે. આ વધારાનો ખર્ચ નિકાસકારો માટે મોટું ભારણ સાબિત થઈ રહ્યો છે. ઉપરાંત, બલ્ક કેરિયર્સ માટે વીમા પ્રીમિયમ પણ વધી ગયા છે. ઊંચા જોખમવાળા પાણીમાં જહાજો મોકલવા માટે P&I ક્લબ દ્વારા કવરેજ અંગે કડક શરતો લાગુ કરવામાં આવી રહી છે. પરિણામે વેપારીઓ માટે જોખમ અને ખર્ચ બંનેમાં વધારો થયો છે. ટ્રેકિંગ ડેટા મુજબ ભારતીય માલ લઈ જતા અનેક જહાજો ખાડી વિસ્તારમાં વિલંબિત થયા છે. સુરક્ષા સલાહોને કારણે કેટલાક જહાજોને સ્થિર રહેવા સૂચના આપવામાં આવી છે. ઉપરની ખાડીમાં અવરજવર ધીમી પડી છે. આવી સ્થિતિમાં કેટલાક કેરિયર્સે જહાજોને આફ્રિકાના દક્ષિણ છેડે આવેલા કેપ ઓફ ગુડ હોપ માર્ગે ફરી રૂટ કર્યા છે. આ બદલાવને કારણે પરિવહન સમય નોંધપાત્ર રીતે વધી ગયો છે. બંકર ફ્યુઅલનો ખર્ચ વધ્યો છે અને જહાજોની ઉપલબ્ધતા ઘટી રહી છે. પરિણામે યુરોપ અને અમેરિકા તરફના મહાસાગર ભાડા દરોમાં પણ તેજી જોવા મળી રહી છે. છેલ્લા કેટલાક દિવસોમાં ભાડા દર પ્રતિ કન્ટેનર $૧,૧૦૦ થી વધીને લગભગ $૧,૫૦૦ સુધી પહોંચી ગયા છે. યુરોપ અને યુએસ ટ્રેડ લેન પર $૪૦૦ થી $૫૦૦ સુધીના વધારાનો સંકેત છે. ઈજિપ્ત અને તુર્કી જેવા દેશો માટે પણ ભાવમાં વધારો થવાની શક્યતા વ્યક્ત થઈ રહી છે.

# લીલીયા તાલુકાના કુતાણા ગામે મહેશ કસવાળાના હસ્તે વિવિધ કામોનું ભૂમીપૂજન

લીલીયા,તા.૦૩



લીલીયા તાલુકાના કુતાણા ગામના નાગરિકોને તાલુકા મથકે જવા માટે સુગમ અને સલામત માર્ગ સુવિધા મળે તેવા હેતુથી ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના વરદ હસ્તે રૂ.૨૫૦ લાખના ખર્ચે ખારી નદી પર બ્રિજનું ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તેમણે ગામમાં થઈ રહેલા ૮૦૦૦ વૃક્ષોના વાવેતરના કાર્યનું નિરીક્ષણ કર્યું હતું. આ ઉપરાંત, કુતાણા ગામે ૨૫ લાખના ખર્ચે બની રહેલા અદ્યતન પંચાયત ઘરની ગુણવત્તાની પણ ચકાસણી કરવામાં આવી હતી. છેવાડાના માનવી સુધી સરકારી યોજનાઓના લાભ પહોંચાડવાની પ્રાથમિકતા સાથે ધારાસભ્ય દ્વારા હાથ ધરાયેલા આ વિકાસકાર્યોને જનતા બિરદાવી રહી છે. આ તકે સરપંચ ગૌતમભાઈ વિછીયા સહિત ભાજપના અગ્રણીઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# બગસરામાં હદપારીના હુકમનો ભંગ કરી માવજીંજવા ગામમાં ઘૂસેલા શખ્સને પોલીસે ઝડપી પાડયો

બગસરા, તા.૦૩

બગસરા તાલુકાના માવજીંજવા ગામે હદપાર કરવામાં આવેલો એક શખ્સ નિયમોનું ઉલ્લંઘન કરી પ્રવેશતા પોલીસે તેને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. માવજીંજવા ગામના રહેવાસી કુલદીપપરી જયસુખપરી ગોસાઇ (ઉ.વ. ૨૩, ધંધો હીરાકામ)ને સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ બગસરાના હુકમ મુજબ પાંચ જિલ્લાઓમાંથી હદપાર કરવામાં આવ્યો હતો, તે પોતાના ગામમાં જોવા મળ્યો હતો. ૧૧૨ હેલ્પલાઈનના ઈન્ચાર્જને બાતમી મળી હતી કે હદપાર કરેલ ઈસમ ગામમાં હાજર છે. બાતમીના આધારે તુરંત કાર્યવાહી કરી ૧૧૨ ની ટીમે આ શખ્સને ઝડપી લીધો હતો અને બગસરા પોલીસ સ્ટેશન ખાતે સોંપ્યો હતો. આરોપીને અમરેલી, ભાવનગર, બોટાદ, રાજકોટ, અને ગીર-સોમનાથ (શહેર તથા ગ્રામ્ય વિસ્તાર)માંથી હદપાર કરવામાં આવ્યો હતો.

# લાઠી પંથકમાં બનેવીએ બહેનને મારી નાંખવાની ધમકી આપી સાળી પર બળાત્કાર કર્યો

**અવારનવાર શરીર સંબંધ બાંધતો રહ્યો**

લાઠી, તા.૦૩

લાઠી પંથકમાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. બનેવીએ બહેનને મારી નાંખવાની ધમકી આપી સાળી પર બળાત્કાર કર્યો હતો. બનેવીના શોષણથી ત્રાસી ગયેલી પીડિતાએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. લાઠી પંથકમાં રહેતી પીડિતાએ લીલીયાના જાત્રુડા ગામના આઝાદભાઈ મીઠાભાઈ સોલંકી સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપી તેના સગા બનેવી થાય છે. આરોપીએ તેની મોટી બહેનને મારી નાખવાની ધમકી આપી તેની સાથે અવાર નવાર મરજી વિરુદ્ધ શરીર સંબંધ બાંધી બળાત્કાર કર્યો હતો. લાઠી પોલીસ સ્ટેશનના પીએસઆઈ કે.કે.પાંડવ વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીમાં 'તું મારી સામે કાતર કેમ મારે છે' કહી ધકકો મારી પ્રૌઢને પછાડી દીધો

**બંને પક્ષોએ સામ સામી ફરિયાદ નોંધાવી**

અમરેલી, તા.૦૩

અમરેલીમાં તું મારી સામે કાતર કેમ મારે છે કહી ધકકો મારી પ્રૌઢને પછાડી દીધો હતો. આ કેસમાં બંને પક્ષોએ સામ સામી ફરિયાદ નોંધાવી હતી. ધનસુખભાઈ દેવરાજભાઈ માંડલીયા (ઉ.વ ૮૨)એ ભાવીનભાઈ માડંલીયા તથા કલ્પનાબેન માડંલીયા સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમના પૌત્રને આરોપીએ કહ્યું કે, તું મારી સામે કાતર કેમ મારે છે તેમ કહી ધકકો મારી પછાડી દીધો હતો. ગાળો આપી હતી, જે બાબતે તેઓ ઠપકો આપવા જતા ઉશ્કેરાઈને ખરાબ ગાળો આપી શરીરે બાખોડીયા ભરી ઈજા કરી હતી. તેમજ તેમનેતથા સાહેદોને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે બાદ ભાવિનભાઈ જીતેન્દ્રભાઈ માંડલીયા (ઉ.વ૩૫) એ ભૌતિકભાઈ માડંલીયા, નિલેષભાઈ ઉર્ફે રાજીભાઈ માડંલીયા, ધનસુખભાઈ માડંલીયા તથા માલતીબેન માડંલીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ પોતાના ઘરની બહાર ઉભા હતા. તે દરમ્યાન આરોપીઓએ આવી તેમને ગાળો આપી શરીરે ઢીંકાપાટુ વડે મુંઢમાર માર્યો હતો. મુંઢ ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. તેમજ સાહેદને પણ ગાળો આપી હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ અમાનભાઈ યાસીનભાઈ કાઝી વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીમાં વકીલ સાથે ફ્લેટના નામે રૂ. ૭ લાખથી વધુની છેતરપિંડી

અમરેલી, તા.૦૩

અમદાવાદ શહેરમાં છેતરપિંડીનો એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે, જેમાં એક વકીલને અમદાવાદમાં ફ્લેટ અપાવવાના બહાને વિશ્વાસમાં લઈ લાખો રૂપિયા પડાવી લેવામાં આવ્યા હતા. આ અંગે અમરેલીમાં રહી વકીલાતનો ધંધો કરતા સંજયભાઈ અરવિંદભાઈ મહેતા (ઉવ.૫૧) એ અમદાવાદમાં રહેતા ધવલભાઈ અજયભાઈ ભાટીયા સામે ફરિયાદ નોંધાવી હતી.

પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, અમરેલીના વકીલને અમદાવાદના જાણીતા વિસ્તાર ગોદરેજ ગાર્ડન સીટીમાં આવેલા 'બી-૦૨' ટાવરના ફ્લેટ નંબર ૮૦૨નું બાનાખત કરાવી આપી આરોપીએ જાળ બિછાવી હતી. આ સોદા પેટે આરોપીએ અલગ-અલગ તારીખ અને સમયે ફરિયાદી વકીલ પાસેથી ઓનલાઈન અને RTGS મારફતે નાણાં મેળવ્યા હતા. આરોપીએ ફરિયાદી પાસેથી કુલ રૂ. ૭,૦૫,૩૦૦ જેટલી રકમ પડાવી લીધી હતી. નાણાં મેળવી લીધા બાદ પણ ફ્લેટનો દસ્તાવેજ કરી ન આપી, વિશ્વાસઘાત અને છેતરપિંડી આચરી હોવાની ફરિયાદ અમરેલીમાં નોંધાઈ છે. પોલીસે આ મામલે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી.

# ધારીમાં ધો. ૧૨ની વિદ્યાર્થિનીએ પેપર નબળું જતાં ઝેરી દવા પીધી

**સારવાર દરમિયાન સગીરાનું મોત નિપજ્યુ**

ધારી, તા.૦૩

ધારીમાં ધો.૧૨ની વિદ્યાર્થિનીએ પેપર નબળું જતાં ઝેરી દવા પીધી હતી. સારવાર દરમિયાન તેનું મોત થયું હતું. આ અંગે ભવાનભાઈ લાલજીભાઈ ઠુમ્મર (ઉ.વ-૪૭) એ જાહેર કર્યા મુજબ, છાયાબેન ભવાનભાઈ ઠુમ્મર (ઉ.વ.૧૬) ધોરણ-૧૨માં ભણતી હતી. બોર્ડની પરીક્ષા શરૂ હોઈ બે પેપર નબળા ગયા હતા. જેથી નાપાસ થવાના ડરથી ઘંઉમાં નાખવાના ઝેરી ટીકડા પી જતા સારવાર દરમ્યાન મરણ પામી હતી. ધારી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ધર્મેન્દ્રભાઈ જે વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૮૦ | ૧૫૯૦ |
| ઘઉં લોકવન | ૪૩૯ | ૫૦૫ |
| ઘઉં ટુકડા | ૪૫૪ | ૫૬૮ |
| જુવાર સફેદ | ૮૦૦ | ૯૬૨ |
| તુવેર | ૧૩૦૦ | ૧૫૮૫ |
| ચણા પીળા | ૯૮૦ | ૧૦૩૫ |
| ચણા સફેદ | ૧૧૦૦ | ૧૬૧૦ |
| અડદ | ૭૦૦ | ૧૬૨૫ |
| મગ | ૧૧૦૦ | ૧૬૦૦ |
| વાલ દેશી | ૬૦૦ | ૧૧૦૦ |
| ચોળી | ૪૦૦ | ૬૫૧ |
| વટાણા | ૭૧૦ | ૧૦૬૪ |
| રાજમા | ૭૨૦ | ૧૪૭૦ |
| મગફળી જાડી | ૧૨૦૦ | ૧૪૬૦ |
| મગફળી જીણી | ૧૨૦૦ | ૧૪૮૦ |
| તલી | ૧૨૦૦ | ૨૦૦૦ |
| એરંડા | ૧૧૮૨ | ૧૨૪૪ |
| સોયાબીન | ૭૦૦ | ૧૦૧૭ |
| સીંગફાડા | ૧૨૦૦ | ૧૫૮૪ |
| કાળા તલ | ૧૯૦૦ | ૪૨૦૦ |
| લસણ | ૯૦૦ | ૧૬૨૧ |
| ધાણા | ૧૬૫૦ | ૨૦૯૩ |
| ધાણી | ૧૮૫૦ | ૨૯૩૦ |
| વરીયાળી | ૧૧૦૦ | ૧૪૦૦ |
| જીરૂ | ૩૫૨૫ | ૪૨૨૧ |
| રાય | ૧૧૨૦ | ૧૩૭૦ |
| મેથી | ૭૦૦ | ૧૩૬૫ |
| રાયડો | ૯૫૦ | ૧૧૪૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૧૦૧૧ | ૨૧૮૨ |
| પપૈયા | ૧૦૯ | ૧૯૨ |
| બટેટા | ૧૨૩ | ૨૪૪ |
| ડુંગળી સુકી | ૫૫ | ૨૨૧ |
| ટમેટા | ૧૮૨ | ૩૦૭ |
| સુરણ | ૮૧૧ | ૧૦૧૦ |
| કોથમરી | ૧૬૨ | ૨૨૪ |
| સકરીયા | ૫૦૭ | ૭૧૧ |
| મુળા | ૩૧૧ | ૫૧૪ |
| રીંગણા | ૨૨૭ | ૫૮૮ |
| કોબીજ | ૬૮ | ૧૧૨ |
| ફ્લાવર | ૧૫૪ | ૨૪૯ |
| ભીંડો | ૫૫૨ | ૮૨૪ |
| ગુવાર | ૭૯૨ | ૧૩૯૧ |
| ચોળાસીંગ | ૬૨૮ | ૧૦૧૯ |
| વાલોળ | ૨૮૩ | ૫૯૮ |
| ટીંડોળા | ૪૨૭ | ૯૧૧ |
| દુધી | ૮૬ | ૧૯૮ |
| કારેલા | ૫૪૯ | ૮૫૭ |
| સરગવો | ૫૩૪ | ૯૧૨ |
| તુરીયા | ૪૨૧ | ૬૮૯ |
| પરવર | ૧૪૨૪ | ૧૮૧૮ |
| કાકડી | ૨૫૯ | ૫૦૮ |
| ગાજર | ૨૧૮ | ૩૮૭ |
| વટાણા | ૩૧૭ | ૫૫૯ |
| તુવેરસીંગ | ૪૪૭ | ૭૫૯ |
| ગલકા | ૩૧૧ | ૫૦૮ |
| બીટ | ૧૦૪ | ૨૧૧ |
| મેથી | ૧૬૧ | ૨૩૪ |
| વાલ | ૭૬૮ | ૯૮૭ |
| ડુંગળી લીલી | ૨૬૬ | ૪૧૨ |
| આદુ | ૧૦૨૮ | ૧૨૨૨ |
| ચણા લીલા | ૧૦૮ | ૨૨૯ |
| મરચા લીલા | ૩૪૨ | ૬૭૭ |
| લસણ લીલું | ૫૧૮ | ૧૧૩૯ |
| મકાઇ લીલી | ૧૯૨ | ૩૨૧ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૫૬૧ |
| મગફળી જીણી | ૧૧૫૦ | ૧૪૮૧ |
| સિંગ ફાડીયા | ૯૦૧ | ૧૫૩૧ |
| એરંડા / એરંડી | ૧૨૨૧ | ૧૨૫૬ |
| જીરૂ | ૨૫૦૦ | ૪૨૮૧ |
| લસણ સુકું | ૬૩૧ | ૧૦૧૧ |
| ડુંગળી લાલ | ૫૧ | ૨૫૧ |
| અડદ | ૧૧૪૧ | ૧૬૬૧ |
| તુવેર | ૧૧૦૦ | ૧૬૧૧ |
| રાયડો | ૯૨૧ | ૧૦૮૧ |
| મેથી | ૧૧૫૧ | ૧૨૫૧ |
| કાંગ | ૧૫૧ | ૫૬૧ |
| મગફળી જાડી | ૧૦૫૧ | ૧૪૩૧ |
| તલ - તલી | ૧૧૬૧ | ૧૯૮૧ |
| ડુંગળી સફેદ | ૧૮૧ | ૨૬૧ |
| બાજરો | ૨૯૧ | ૨૯૧ |
| જુવાર | ૨૯૧ | ૧૦૨૧ |
| મગ | ૩૭૬ | ૧૯૫૧ |
| વાલ | ૩૦૧ | ૧૪૦૧ |
| ચોળા / ચોળી | ૩૨૬ | ૧૨૭૬ |
| સોયાબીન | ૯૦૦ | ૧૦૩૧ |
| અજમાં | ૧૦૦૦ | ૧૨૯૧ |
| ગોગળી | ૭૩૧ | ૧૨૦૦ |
| વટાણા | ૨૧૧ | ૮૭૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૧૦૦ | ૪૦૦ |
| મરચા | ૧૮૦ | ૧૪૦૦ |
| ગુવાર | ૪૦૦ | ૧૮૦૦ |
| કોબી | ૪૦ | ૨૦૦ |
| દુધી | ૩૦ | ૨૦૦ |
| ફ્લાવર | ૨૦ | ૪૦૦ |
| કાકડી | ૨૦૦ | ૮૦૦ |
| રીંગણા | ૧૦૦ | ૬૦૦ |
| ભીંડો | ૧૮૦ | ૮૦૦ |
| ગલકા | ૧૦૦ | ૪૦૦ |
| ગાજર | ૧૦૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૩૦૦ | ૫૦૦ |
| તુવેર | ૨૦૦ | ૬૦૦ |
| વાલ | ૫૦૦ | ૧૦૦૦ |
| વટાણા | ૩૦૦ | ૭૦૦ |
| શક્કરીયા | ૩૦૦ | ૪૦૦ |
| કેરી કાચી | ૪૦૦ | ૨૨૦૦ |
| બટેટા | ૧૪૦ | ૨૪૦ |
| ડુંગળી પુરા | ૨ | ૧૦ |
| તાંજરીયા પુરા | ૧ | ૨ |
| કોથમીર પુરા | ૨ | ૧૫ |
| મૂળા પુરા | ૧ | ૮ |
| ફોદીનો પુરા | ૨ | ૩ |
| ચૂરણ | ૮૦૦ | ૧૦૦૦ |
| ઘીસોડા | ૧૬૦ | ૮૦૦ |
| લીંબુ | ૬૦૦ | ૨૪૦૦ |
| મેથી પુરા | ૧ | ૫ |
| બીટ પુરા | ૫ | ૧૭ |
| સરગવો પુરા | ૩૦ | ૪૦ |
| ચોરા | ૧૮૦ | ૧૦૦૦ |
| કારેલા | ૪૮૦ | ૧૦૦૦ |
| વાલોર | ૨૦૦ | ૬૦૦ |
| કાચા પોપૈયા | ૩૦ | ૨૦૦ |
| આદુ | ૮૦૦ | ૧૩૦૦ |
| મકાઈ ડોડા | ૧૮૦ | ૩૦૦ |
| લસણ પુરા | ૩ | ૫ |
| પાલક પુરા | ૧ | ૫ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૧૨૨૦ | ૧૩૯૦ |
| ગીરનાર શિંગ | ૧૩૮૫ | ૧૪૭૦ |
| શિંગ મોટી | ૯૦૦ | ૧૫૦૫ |
| શિંગ દાણા | ૧૫૧૫ | ૧૬૩૦ |
| શિંગ દાણા ફાડા | ૧૩૫૦ | ૧૫૮૦ |
| તલ સફેદ | ૧૬૧૫ | ૧૯૫૫ |
| કાળા તલ | ૨૦૫૫ | ૨૯૩૦ |
| તલ કાશમીરી | ૧૭૪૦ | ૨૦૦૦ |
| ઘઉં ટુકડા | ૪૧૫ | ૬૭૫ |
| ઘઉં લોકવન | ૪૩૫ | ૫૨૫ |
| ચણા | ૮૭૫ | ૧૦૩૫ |
| સફેદ ચણા | ૧૦૨૫ | ૧૦૮૫ |
| છોલે ચણા | ૧૫૩૦ | ૧૫૩૦ |
| તુવેર | ૭૩૦ | ૧૫૦૦ |
| વાલ | ૮૦૦ | ૧૧૦૦ |
| કપાસ | ૯૬૦ | ૧૬૦૦ |
| એરંડા | ૧૦૫૦ | ૧૨૪૦ |
| જીરુ | ૨૦૦૦ | ૪૧૪૦ |
| રાય | ૯૦૦ | ૧૦૦૦ |
| ધાણા | ૧૭૮૦ | ૨૨૪૦ |
| ધાણી | ૧૬૫૦ | ૨૮૧૦ |
| અજમાં | ૧૧૫૦ | ૧૯૦૦ |
| સોયાબીન | ૬૦૦ | ૯૨૦ |
| મરચાં લાંબા | ૯૭૦ | ૬૧૦૦ |
| કાંગ | ૫૨૫ | ૫૨૫ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૪૦ | ૨૦૦ |
| રીંગણા | ૨૦૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૧૫૦ | ૨૦૦ |
| કોબીજ | ૧૧૦ | ૧૫૦ |
| શકકરીયા | ૪૦૦ | ૬૦૦ |
| ટમેટાં | ૨૦૦ | ૩૦૦ |
| સુરણ | ૮૦૦ | ૯૦૦ |
| ગાજર | ૨૦૦ | ૩૦૦ |
| દુધી | ૧૬૦ | ૨૨૦ |
| કારેલા | ૭૦૦ | ૮૦૦ |
| ગલકા | ૪૧૦ | ૫૦૦ |
| મૂળા | ૨૫૦ | ૩૦૦ |
| કાકડી | ૧૪૦ | ૨૨૦ |
| ગુવાર | ૧૪૦૦ | ૧૬૦૦ |
| વાલોળ | ૩૦૦ | ૪૩૦ |
| વટાણા | ૫૫૦ | ૬૦૦ |
| ચોળા લીલા | ૯૦૦ | ૧૦૦૦ |
| તુરીયા | ૩૦૦ | ૪૩૦ |
| વાલ | ૬૦૦ | ૭૦૦ |
| તુવેર | ૬૦૦ | ૭૦૦ |
| ભીંડો | ૭૦૦ | ૮૦૦ |
| આદુ | ૧૧૦૦ | ૧૨૩૦ |
| કોથમીર | ૩૦૦ | ૪૦૦ |
| મેથીભાજી | ૬૦૦ | ૭૦૦ |
| ફોદીનો | ૫૦૦ | ૬૩૦ |
| ટીંડોરા | ૭૦૦ | ૮૦૦ |
| બીટ | ૧૭૦ | ૨૩૦ |
| સરગવો | ૪૦૦ | ૬૨૦ |
| લીમડો મીઠો | ૧૭૦ | ૨૦૦ |
| મરચાં લીલાં | ૬૦૦ | ૧૦૦૦ |
| મરચાં લાલ | ૧૦૦૦ | ૧૧૦૦ |
| ડુંગળી લીલી | ૧૬૦ | ૨૨૦ |
| ડુંગળી સુકી | ૨૦૦ | ૨૬૦ |
| લસણ લીલું | ૬૦૦ | ૭૦૦ |
| લસણ સુકું | ૧૧૦૦ | ૧૫૦૦ |
| પાલક | ૪૦૦ | ૫૦૦ |
| લીંબુ | ૧૪૦૦ | ૧૮૦૦ |
| મકાઈ | ૨૪૦ | ૩૦૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૩૦૦ | ૧૪૬૦ |
| શીંગ મોટી | ૧૨૫૦ | ૧૪૫૨ |
| તલ કાળા | ૩૭૫૦ | ---- |
| જીરૂ | ૩૩૦૦ | ૪૫૭૫ |
| કપાસ | ૧૪૦૦ | ૧૫૫૫ |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૪૬૦ |
| ઘઉં ટુકડા | ૪૨૦ | ૪૯૧ |
| બાજરો | ૩૫૦ | ૬૩૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૫૦ |
| દેશી ચણા | ૧૧૦૦ | ૧૨૧૦ |
| તુવેર | ૧૩૩૦ | ૧૫૪૦ |
| એરંડી | ૧૧૦૦ | ૧૨૦૬ |
| ધાણા | ૧૬૦૦ | ૨૩૫૦ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૪૧૦ | ૧૬૧૫ |
| કપાસ મીડી. | ૧૨૨૦ | ૧૩૮૦ |
| મગફળી | ૧૨૪૫ | ૧૩૬૫ |
| જીરૂ | ૩૨૪૦ | ૪૧૭૦ |
| ચણા | ૧૦૦૯ | ૧૦૪૧ |
| ઘઉં | ૪૭૫ | ૫૧૫ |
| ધાણા | ૧૫૫૫ | ૨૧૮૫ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૫૯૦ |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૪૨૫ |
| ચણા | ૮૧૨ | ૧૦૧૨ |
| ધાણા | ૧૭૦૦ | ૧૭૦૦ |
| જુવાર | ૧૨૫૨ | ૧૨૫૨ |
| સોયાબીન | ૯૦૦ | ૯૦૫ |
| શીંગ દાણા | ૧૨૦૫ | ૧૨૦૫ |
| તુવેર | ૧૦૨૦ | ૧૪૦૦ |
| **ધારી** | | |
| મગફળી | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ચણા | ૯૭૦ | ૧૦૧૬ |
| તુવેર | ૧૦૦૦ | ૧૪૬૨ |
| લાલ તુવેર | ૧૨૮૦ | ૧૨૮૦ |
| ધાણા | ૨૦૦૦ | ૨૦૨૫ |
| અડદ | ૧૦૦૧ | ૧૦૦૧ |
| રાયડો | ૧૦૨૫ | ૧૦૨૫ |
| જીરૂ | ૩૨૦૦ | ૩૨૦૦ |
| એરંડા | ૧૧૦૦ | ૧૧૦૦ |
| સોયાબીન | ૭૫૦ | ૯૨૫૮ |
| **મહુવા** | | |
| જુવાર | ૬૫૧ | ૮૫૪ |
| બાજરી | ૩૩૪ | ૩૩૪ |
| ઘઉં ટુકડા | ૪૨૮ | ૫૮૨ |
| મેથી | ૯૧૫ | ૯૧૫ |
| ધાણા | ૧૬૦૦ | ૧૬૦૦ |
| ચણા | ૯૮૧ | ૧૦૩૧ |
| તુવેર | ૧૦૦૦ | ૧૪૨૦ |
| ડુંગળી લાલ | ૮૦ | ૧૪૭ |
| ડુંગળી સફેદ | ૨૦૮ | ૨૯૧ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૫૯૦ |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૪૨૫ |
| ચણા | ૮૧૨ | ૧૦૧૨ |
| ધાણા | ૧૭૦૦ | ૧૭૦૦ |
| જુવાર | ૧૨૫૨ | ૧૨૫૨ |
| સોયાબીન | ૯૦૦ | ૯૦૫ |
| શિંગ દાણા | ૧૨૦૫ | ૧૨૦૫ |
| તુવેર | ૧૦૨૦ | ૧૪૦૦ |
| **રાજુલા** | | |
| કપાસ | ૧૪૫૦ | ૧૫૭૦ |
| ઘઉં ટુકડા | ૪૩૯ | ૫૨૬ |
| ધાણા | ૧૨૫૦ | ૧૨૫૦ |
| **જામનગર** | | |
| જુવાર | ૮૦૦ | ૯૯૫ |
| બાજરો | ૩૦૦ | ૪૭૫ |
| ઘઉં | ૪૦૦ | ૫૦૬ |
| અડદ | ૧૧૬૦ | ૧૪૨૫ |
| તુવેર | ૧૩૦૦ | ૧૪૨૫ |
| મેથી | ૧૧૮૫ | ૧૨૮૫ |
| ચણા | ૯૫૦ | ૧૦૬૭ |
| મગફળી જીણી | ૧૨૦૦ | ૧૫૨૫ |
| મગફળી જાડી | ૧૧૦૦ | ૧૧૭૦ |
| રાયડો | ૧૦૦૦ | ૧૧૭૦ |
| રાય | ૧૧૦૦ | ૧૪૮૦ |
| લસણ | ૭૮૦ | ૧૨૮૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૮૫ |
| જીરૂ | ૩૦૦૦ | ૪૪૪૦ |
| અજમો | ૧૬૨૫ | ૪૩૧૫ |
| અમજમાની ભૂસી | ૩૦ | ૨૧૧૦ |
| ધાણા | ૧૨૦૦ | ૨૦૪૦ |
| ધાણી | ૨૦૫૦ | ૨૬૦૦ |
| મરચા | ૧૭૦૦ | ૬૨૮૦ |
| ડુંગળી | ૪૦ | ૨૪૫ |
| વટાણા | ૭૦૦ | ૧૨૯૦ |




06

લાગે તો તીર : - જ્યારે જ્યારે ગામ ઉપર કોઈ ઓચિંતા આફત ઊતરી આવે


# ભારતમાં ન્યાયતંત્ર પ્રમાણમાં ઓછું ભ્રષ્ટ

બ્રેકિંગ પોઈન્ટ

નેહા શર્મા



ભારતીય ન્યાયતંત્ર ભ્રષ્ટાચારમુક્ત છે ? નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રીસર્ચ એન્ડ ટ્રેઈનિંગ (NCERT) એ ધોરણ ૮ના સોશિયલ સાયન્સના પુસ્તકમાં 'જ્યુડિશિયલ કરપ્શન'નું પ્રકરણ સમાવ્યું તેના કારણે વિવાદ થઈ ગયો છે. જ્યુડિશિયલ કરપ્શન એટલે કે 'ન્યાયિક ભ્રષ્ટાચાર'ના પ્રકરણથી અકળાયેલા સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ સૂર્યકાંતે ન્યાયતંત્રની બદનામી સહન નહીં કરાય એવો હુંકાર કરીને તપાસના આદેશ આપી દીધા છે. જસ્ટિસ સૂર્યકાન્તે એવી ટીકા પણ કરી કે, રાજકારણ, વહીવટી તંત્ર કે જાહેર જીવનમાં ભ્રષ્ટાચારનો ઉલ્લેખ સુધ્ધાં નહીં કરીને માત્ર ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચાર હોય એવી છાપ બાળકોના માનસમાં ઉભી કરવા પાછળ કોઈ ષડયંત્ર લાગી રહ્યું છે.

સુપ્રીમ કોર્ટના આકરા તેવર જોયા પછી એનસીઈઆરટીએ આ પ્રકરણ ધરાવતાં તમામ પુસ્તકો બજારમાંથી પાછાં ખેંચી લીધાં છે અને નિષ્ણાતોની સલાહને આધારે આખું પ્રકરણ નવેસરથી લખવાની જાહેરાત કરી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ આ મુદ્દે નારાજગી વ્યક્ત કરતાં શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાને પણ બિનશરતી માફી માંગી લીધી. આ પુસ્તક લખનારા બે લેખકો પર આ અક્ષમ્ય ભૂલ બદલ પાઠ્યપુસ્તકો લખવામાંથી આજીવન પ્રતિબંધ મૂકી દેવાયો છે.

■■■

સુપ્રીમ કોર્ટના વલણે ન્યાયતંત્ર ખરેખર શુધ્ધ છે એ ચર્ચા છેડી દીધી છે.

જો કે સુપ્રીમ કોર્ટ ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચાર નહીં હોવાનો દાવો નથી કરી રહી પણ આ વિષયનો અભ્યાસક્રમમાં સમાવેશ કરવા સામે વાંધો લઈ રહી છે. આ ઉપરાંત સુપ્રીમ કોર્ટને બીજાં કોઈ ક્ષેત્રને બદલે માત્ર ન્યાયતંત્રના ભ્રષ્ટાચારની વાત કરવા સામે પણ વાંધો છે. આ બંને વાંધા સમજી શકાય એવા છે પણ સુપ્રીમ કોર્ટના વાંધાના કારણે ભારતીય ન્યાયતંત્ર ભ્રષ્ટાચારમુક્ત છે એવું સાબિત થવાનું નથી.

ભારતીયોને ચૂંટાયેલી પાંખ, વહીવટી તંત્ર, ન્યાયતંત્ર અને મીડિયા એ લોકશાહીના ચાર આધારસ્તંભોમાંથી સૌથી વધારે ભરોસો ન્યાયતંત્રમાં છે. સામાન્ય લોકો માને છે કે, ભારતમાં લોકશાહીના બાકીના ત્રણ પાયા ડગમગી ગયા જ્યારે ન્યાયતંત્ર જ સબૂત છે. આ માન્યતા સંપૂર્ણ ખોટી નથી પણ સાથે સાથે એ વાસ્તવિકતા પણ છે કે, ભારતીય ન્યાયતંત્ર પણ એકદમ દૂધે ધોયેલું નથી જ. ભારતીય ન્યાયતંત્રમાં પણ ભ્રષ્ટાચારનો સડો તો પેઠેલો જ છે.

આપણે સમગ્ર ન્યાયતંત્રની નહીં પણ માત્ર સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટના ન્યાયાધિશો સાથે સંકળાયેલા વિવાદોની વાતો કરીશું તો પણ આ વાત સમજાશે.

■■■

ભારતીય ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચાર હોવાની વાત ખુદ ચીફ જસ્ટિસે સ્વીકારી હતી.

રાઈટ ટુ ઈન્ફર્મેશન (આરટીઆઈ) એક્ટ માટે ઝુંબેશ ચલાવનારા ટોચના બંધારણવિદ અને ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી શાંતિ ભૂષણે ૨૦૧૦માં સુપ્રીમ કોર્ટના આઠ ભૂતપૂર્વ ચીફ જસ્ટિસ ભ્રષ્ટ હતા એવો આક્ષેપ કરતી અરજી કરી હતી. શાંતિ ભૂષણે અરજીમાં કુલ ૧૬ ચીફ જસ્ટિસનાં નામ આપેલાં પણ પછી એવું કહેલું કે, ૧૬માંથી ૮ ચીફ જસ્ટિસ તો સો ટકા ભ્રષ્ટ હતા તેથી તેમણે આપેલા ચુકાદાઓની તપાસ થવી જોઈએ.

સુપ્રીમ કોર્ટે ભૂષણની અરજી નહોતી સ્વીકારી પણ જસ્ટિસ રાજેન્દ્રમલ લોઢા ચીફ જસ્ટિસ બન્યા ત્યારે તેમણે સ્વીકાર્યું હતું કે, ભારતીય ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચાર છે અને આ ગંભીર સમસ્યા છે.

સુપ્રીમ કોર્ટનાં એક જજ જસ્ટિસ રૂમા પાલે ન્યાયતંત્રમાં સેવન સિન્સ એટલે કે સાત પાપ ઘૂસી ગયાં હોવાનું નિવેદન કર્યું હતું. સાથીઓના અન્યાય વર્તન સામે ચૂપ રહેવું, ન્યાયતંત્રની સ્વતંત્રતા નિયમોના ધજાગરા ઉડાડવા, જજોની નિમણૂકમાં ભ્રષ્ટાચાર, સગાવાદ, અહંકાર વગેરે સાત પાપ જસ્ટિસ રૂમા પાલે ગણાવેલાં.

■■■

ચીફ જસ્ટિસ સામે ભ્રષ્ટાચારના આક્ષેપોનો વીડિયો પણ વાયરલ થયો છે.

સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ ચીફ જસ્ટિસ કે.જી. બાલકૃષ્ણન ૧૦૦ કરોડ રૂપિયાની લાંચ લેવાના વિવાદમાં ફસાયા હતા. કોંગ્રેસે કર્ણાટકમાં ૨૦૧૮ની વિધાનસભા ચૂંટણી ટાણે ભાજપના શ્રીરામુલુ, ખનિજ માફિયા રેડ્ડી બંધુઓ અને સુપ્રીમ બાલકૃષ્ણનના જમાઈ શ્રીનિજનનો વીડિયો જાહેર કર્યો હતા વીડિયોમાં શ્રીરામુલુ શ્રીનિજન સાથે રેડ્ડી બંધુઓની તરફેણમાં ચુકાદો આપવા માટે ચીફ જસ્ટિસને આપવાની લાંચની રકમ નક્કી કરતા હોવાનું બતાવાયું હતું.

સુપ્રીમ કોર્ટે રેડ્ડી બંધુઓની તરફેણમાં ચુકાદો આપ્યો તેના એક દિવસ પછી ચીફ જસ્ટિસ કે.જી. બાલાકૃષ્ણન નિવૃત્ત થયેલા. કોંગ્રેસનો આક્ષેપ હતો કે, રેડ્ડી બંધુઓને ફાયદો કરાવવા ૧૦૦ કરોડ રૂપિયામાં સોદો થયેલો. રેડ્ડી બંધુઓ ફરી ના જાય એટલે ચીફ જસ્ટિસના જમાઈએ વીડિયો ઉતારેલો. છૂટી ગયા પછી રેડ્ડી બંધુએ નક્કી કરેલી રકમ ના આપતાં જમાઈએ આ વીડિયો જાહેર કરી દીધો હતો.

કોંગ્રેસે ૨૦૧૮માં ચીફ જસ્ટિસ દીપક મિશ્રા સામે ઈમ્પીચમેન્ટ મોશન લાવવા પ્રયત્ન કરેલો પણ રાજ્યસભાના ચેરપર્સન વેંકૈયા નાયડુએ આ દરખાસ્ત નહોતી સ્વીકારી. સુપ્રીમ કોર્ટના જજ વી. રામાસ્વામી સામે ૧૯૯૩માં મહાભિયોગની કાર્યવાહી કરવામાં આવી હતી પણ આ દરખાસ્ત પસાર નહોતી થઈ.

ઈમ્પીચમેન્ટ મોશન લાવીને દૂર કરવાની કાર્યવાહી કરાઈ હોય તેવા રામાસ્વામી પહેલા ભારતીય જજ બન્યા હતા. રાજીવ ગાંધીના માનીતા રામાસ્વામીને પંજાબના આતંકવાદના કેસોના નિકાલ માટે પંજાબ અને હરિયાણા (ચંદીગઢ) હાઈકોર્ટના ચીફ જસ્ટિસ બનાવ્યા ત્યારે તેમણે કરેલા બેફામ ભ્રષ્ટાચાર બદલ તેમની સામે ઈમ્પીચમેન્ટ મોશન લવાયેલી પણ કોંગ્રેસે મતદાનમાં ગેરહાજર રહેવનું પસંદ કરીને રામાસ્વામીને બચાવી લીધા હતા.

■■■

કોલકાતા હાઈકોર્ટના જજ જસ્ટિસ સૌમિત્ર સેન, સિક્કિમ હાઈકોર્ટના ચીફ જસ્ટિસ પી. ડી. દિનાકરન અને આંધ્રપ્રદેશ અને તેલંગણા હાઈકોર્ટના જસ્ટિસ નાગાર્જુન રેડ્ડી સામે પણ ઈમ્પીચમેન્ટ મોશન લવાયેલી પણ મોશન પસાર નહોતી થઈ. કોલકાતા હાઈકોર્ટના જસ્ટિસ કર્ણન વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખીને ૨૦ જજ સામે ભ્રષ્ટાચારના આક્ષેપો કર્યા હતા. એક જજ સામે બળાત્કારનો ગંભીર આક્ષેપ કરેલો. આ આક્ષેપોની તપાસ કરવાના બદલે સુપ્રીમ કોર્ટે જસ્ટિસ કર્ણન સામે કાર્યવાહી શરૂ કરીને તેમને છ મહિનાની જેલની સજા ફટકારી હતી. હાઈકોર્ટના વર્તમાન જજને કોર્ટની અવમાનના બદલ છ મહિનાની જેલની સજા થઈ હોય એવો આ દેશનો એક માત્ર કિસ્સો છે.

ગયા વરસે દિલ્હી હાઈકોર્ટના ન્યાયાધિશ જસ્ટિસ યશવંત વર્માના ઘરે લાગેલી આગ બુઝાવવા ગયેલા ફાયર બ્રિગેડના જવાનોને કરોડો રૂપિયાની રોકડ રકમ મળી આવી હતી એ પણ ન્યાયતંત્રના ભ્રષ્ટાચારનો વધુ એક પુરાવો છે. આ કેસમાં પણ સુપ્રીમ કોર્ટે કોઈ નક્કર પગલાં નથી લીધાં.

■■■

સુપ્રીમ કોર્ટના ચાર જજે એક સાથે સુપ્રીમ કોર્ટમાં ભ્રષ્ટાચારના આક્ષેપો કર્યા હોવાની ઘટના પણ ભારતમાં બની છે. ૨૦૧૮માં સુપ્રીમ કોર્ટના ચાર જજ જસ્ટિસ જસ્તી ચેલમેશ્વર, જસ્ટિસ રંજન ગોગોઈ, જસ્ટિસ મદન લોકુર અને જસ્ટિસ કુરિયન જોસેફે જસ્ટિસ ચેલમેશ્વરના ઘરે પત્રકાર પરિષદ યોજીને સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ દીપક મિશ્રા સામે ગભીર આક્ષેપો કર્યા હતા.

સુપ્રીમ કોર્ટમાં ભ્રષ્ટાચાર અને ગેરરીતિઓ ચાલતી હોવાનો આક્ષેપ કરીને સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસની કામગીરી અને પ્રમાણિકતા સામે પણ સવાલો કર્યા હતા. ભારતમાં પહેલી વાર એવું બન્યું હતું કે, સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ સામે સુપ્રીમના જ ચાર જજે આક્ષેપો કર્યા હોય. સુપ્રીમ કોર્ટમાં ભ્રષ્ટાચાર ચાલે છે એવું ચાર જજે પોતે કહેલું છતાં આ મામલે કશું ના થયું. જસ્ટિસ દીપક મિશ્રા સામે થયેલા આક્ષેપોની કદી તપાસ ના થઈ.


■■■

આ તો થોડીક જ ઘટનાઓ છે પણ તેના પરથી સ્પષ્ટ થાય છે કે, ભારતમાં હાઈકોર્ટો અને સુપ્રીમ કોર્ટ પણ ભ્રષ્ટાચારથી મુક્ત નથી. હાઈકોર્ટો અને સુપ્રીમ કોર્ટના જજો પણ ભ્રષ્ટાચારના કાદવથી ખરડાયેલા જ છે.

અલબત્ત બીજાં ક્ષેત્રોમાં પ્રવર્તતા ભ્રષ્ટાચારની સરખામણીમાં ન્યાયતંત્રમાં ઓછો ભ્રષ્ટાચાર છે એ પણ સ્વીકારવું પડે. રાજકારણ અને વહીવટી તંત્રમાં તો પ્રમાણિક માણસ શોધવો એ ઘાસની ગંજીમાં સોય શોધવા જેવું કપરું કામ છે. જાહેર જીવનની સંસ્થાઓ, કોર્પોરેટ કંપનીઓ, બેંકો સહિતનાં બીજાં તમામ ક્ષેત્રોમાં પણ એ જ હાલત છે. ન્યાયતંત્ર સાવ એ હદે ખાડે ગયું નથી. બલ્કે હાઈકોર્ટો અને સુપ્રીમ કોર્ટ દ્વારા સમયાંતરે એવા ચુકાદા અપાતા રહે છે કે જેના કારણે લોકોનો ન્યાયતંત્રમાં વિશ્વાસ ટકી રહે. બીજો કોઈ આરો ના દેખાય ત્યારે લોકોને ન્યાયતંત્ર ન્યાય અપાવશે એવો વિશ્વાસ છે એ જોતાં ન્યાયતંત્રને જ ભ્રષ્ટાચારી ચિતરવું યોગ્ય નથી જ. ■


sanjogpurti@gmail.com


# બોક્સ ઓફિસને ધણધણાવનાર આદિત્ય ધરની 'ધુરંધર: ધ રિવેન્જ': જાણવા જેવું



ધીસ ઇઝ ધેટ

નારન બારૈયા

બોલિવૂડમાં અત્યારે એક્શન અને હાઈ-વોલ્ટેજ ડ્રામાનો જમાનો ચાલી રહ્યો છે, ત્યારે દિગ્દર્શક આદિત્ય ધર ફરી એકવાર ધમાકેદાર વાપસી કરવા માટે તૈયાર છે. ડિસેમ્બર ૨૦૨૫માં આવેલી સ્પાય-થ્રિલરની સફળતા બાદ, હવે તેની સિક્વલ 'ધુરંધર: ધ રિવેન્જ' અત્યારથી જ ચર્ચાનું કેન્દ્ર બની છે. આ ફિલ્મમાં બોલિવૂડના દિગ્ગજ કલાકારોની ફોજ જોવા મળવાની છે, જે બોક્સ ઓફિસ પર નવા રેકોર્ડ સર્જવા માટે સક્ષમ છે.

આ ફિલ્મની સૌથી મોટી ખાસિયત તેની મજબૂત સ્ટારકાસ્ટ છે. આદિત્ય ધરે આ પ્રોજેક્ટ માટે રણવીર સિંહ, સંજય દત્ત, આર. માધવન અને અક્ષય ખન્ના જેવા દિગ્ગજ અભિનેતાઓને એકસાથે લાવવાનું અશક્ય કામ કરી બતાવ્યું છે. રણવીર સિંહનો અત્યાર સુધીનો સૌથી પાવરફુલ લુક આ ફિલ્મમાં જોવા મળી રહ્યો છે. દરેક કલાકાર પોતાની આગવી શૈલી માટે જાણીતા છે, તેથી આ ફિલ્મમાં એક્ટિંગનો જબરદસ્ત જંગ જોવા મળશે તેમાં કોઈ શંકા નથી.

ફિલ્મની વાર્તા વિશે વાત કરીએ તો, 'ધુરંધર: ધ રિવેન્જ' હાઈ-સ્ટેક જાસૂસી (espionage) પર આધારિત છે. ભારતની ગુપ્તચર એજન્સીઓના સાહસ અને દેશભક્તિના રંગમાં રંગાયેલી આ વાર્તા પ્રેક્ષકોને જકડી રાખશે. આદિત્ય ધર હંમેશા વાસ્તવિકતાની નજીક રહીને સિનેમા બનાવવામાં માને છે, તેથી આ ફિલ્મમાં પણ ટેકનિકલ પાસાઓ અને એક્શન સિક્વન્સ આંતરરાષ્ટ્રીય સ્તરના જોવા મળી રહ્યા છે.

સંજય દત્ત આ ફિલ્મમાં નકારાત્મક ભૂમિકામાં જોવા મળે તેવી પ્રબળ શક્યતાઓ છે, જે ફિલ્મને વધુ રોમાંચક બનાવે છે. બીજી તરફ, અક્ષય ખન્ના અને આર. માધવન જેવા ઠરેલ કલાકારો ફિલ્મમાં ગંભીરતા અને ઊંડાણ ઉમેરશે. રણવીર સિંહની ઉર્જા અને આ દિગ્ગજોનો અનુભવ જ્યારે સ્ક્રીન પર ટકરાશે, ત્યારે સિનેમાઘરોમાં સીટીઓ વાગવી નક્કી છે. આ ફિલ્મ માત્ર મનોરંજન જ નહીં, પરંતુ ભારતીય સિનેમાની તાકાતનું પ્રદર્શન પણ હશે.

ફિલ્મનું નિર્માણ જીઓ સ્ટુડિયો અને B62 સ્ટુડિયો દ્વારા ખૂબ જ મોટા પાયે કરવામાં આવ્યું છે. આદિત્ય ધરની 'ઉરી'માં આપણે જોયું હતું કે કેવી રીતે સીમિત બજેટમાં પણ તેમણે વર્લ્ડ ક્લાસ એક્શન બતાવ્યું હતું, તો આ વખતે જ્યારે પ્રોડક્શન હાઉસનો મોટો સાથ છે ત્યારે આશા વધુ વધી જાય છે. ફિલ્મનું સંગીત અને બેકગ્રાઉન્ડ સ્કોર પણ તેને મહાકાવ્ય બનાવવામાં મહત્વનો ભાગ ભજવશે.

સૌથી મહત્વની વાત આ ફિલ્મની રિલીઝ ડેટની છે. 'ધુરંધર: ધ રિવેન્જ' આગામી ૧૯ માર્ચ, ૨૦૨૬ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવા માટે સજ્જ છે. ફિલ્મનું કામ પૂર્ણ થઈ ચૂક્યું છે અને તે ટૂંક સમયમાં જ મોટા પડદા પર દસ્તક દેશે. રિલીઝ ડેટની જાહેરાત સાથે જ દર્શકોમાં ભારે ઉત્સુકતા જોવા મળી રહી છે, જે બોક્સ ઓફિસ પર મોટો ધડાકો કરી શકે છે.

નિષ્કર્ષમાં કહી શકાય કે આદિત્ય ધરની 'ધુરંધર: ધ રિવેન્જ' એ માત્ર એક ફિલ્મ નથી, પરંતુ ભારતીય સ્પાય યુનિવર્સમાં એક નવો અધ્યાય છે. આ ફિલ્મ એ સાબિત કરશે કે જો સારી પટકથા અને સક્ષમ કલાકારો હોય, તો બોલીવુડ કોઈપણ આંતરરાષ્ટ્રીય ફિલ્મને ટક્કર આપી શકે છે. સિનેમાપ્રેમીઓ હવે આતુરતાથી ૧૯ માર્ચની રાહ જોઈ રહ્યા છે, જે ચોક્કસપણે બોક્સ ઓફિસના તમામ રેકોર્ડ તોડશે. ■


naranbaraiya277@gmail.com


# આત્માના સંદેશ થકી ઇશ્વરનો પ્રકાશ.. પરીક્ષાનું ભાવાવરણ

સામાજિક અને શૈક્ષણિક

ડો. વિપુલ.ડી. પટેલ

(આચાર્ય શ્રી ગાંધી વિદ્યાલય, અસારવા, અમદાવાદ)



ગુજરાતના કેળવણીકાળશ્રી નાનાભાઈ ભટ્ટના શબ્દોમાં કહીએ તો કેળવણીનું મુખ્ય કાર્ય શિક્ષણની સાથે સાથે વિદ્યાર્થીઓને જીવનના ઉચ્ચ મૂલ્યો અને સંસ્કાર પ્રદાન કરવાનું છે. હાલ બોર્ડ પરીક્ષાનો માહોલ ધુળેટીના રંગની જેમ રંગાયો છે. સૂર્યદેવ ધરતી ઉપર તપી રહ્યા છે. તેવા માહોલમાં ધોરણ ૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષા રોકેટ ગતિએ ચાલી રહી છે. આખા વર્ષનો પરિશ્રમ, પુરુષાર્થ અને પ્રયાગરાજ તરફ જવા માટે સામર્થ્ય અને શક્તિનું મૂલ્યાંકન કરવાનો માર્ગ એટલે પરીક્ષા.

ઝવેરચંદ મેઘાણીના શબ્દોમાં કહીએ તો હોરાજ મને લાગ્યો કસુંબીના રંગની સાથે સાથે પરીક્ષા આપવાનો રંગ. કેસુડાના ફૂલો વસંતની જેમ ખીલે છે. તેમ બાળકો ઝીણવટભરી તૈયારી કરીને પરીક્ષા આપી રહ્યા છે. પરીક્ષા તો નિરંતર ચાલતી પ્રક્રિયા છે. જીવનમાં ડગલે અને પગલે પરીક્ષા આવવાની છે. માતા સીતાજીએ પણ અગ્નિ પરીક્ષા આપીને સફળતા પ્રાપ્ત કરી છે.સામાજિક જીવનમાં રોજબરોજના પ્રશ્નોના જવાબ શોધી ઉત્તમ દેખાવ કરવાનો હોય છે. જ્યાં જીવનની એરણ પર કેટલું કસાયેલું જીવન જીવી રહ્યા છીએ તેનો અરીસો ખુદ પોતે બનવાનું હોય છે. શિક્ષણ સાથે સમજણનું ઘડતરએ જ સફળ જીવનની ગુરુ ચાવી છે. ડો. ઉષાબેન ભટ્ટના શબ્દોમાં કહીએ તો સમજણમાં શક્તિ રહેલી છે. આજની યુવા પેઢી પરીક્ષાના માહોલમાં તનાવ મુક્ત ન રહે તે માટે માધ્યમિક શિક્ષણ બોર્ડ કેટલીક કાઉન્સિલિંગ સંસ્થાઓ અને ડી.ઈ.ઓ કચેરીઓ વિદ્યાર્થીઓને માર્ગદર્શન અને પ્રેરણા આપે છે.નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિનો મુખ્ય ઉદ્દેશ બાળકોની અંદર જે સર્જનાત્મક શક્તિ પડી છે તે સ્કિલને બહાર લાવવાની છે.

કુદરત દ્વારા પ્રાકૃતિક વાતાવરણ અને આબોહવા અનુકૂળ છે ત્યારે પ્રકૃતિ, પરમાત્મા વ્યક્તિગત આત્મા અને તેમની વચ્ચેના આંતર સંબંધોનું જ્ઞાન જો થઈ જાય તો આપણા જીવનની પરીક્ષામાં સફળતાની કેડી કંડારી શકાય અને ચોક્કસપણે ઉત્તીર્ણ થઈ જવાય. જીવનમાં ઉતારવા જેવુ જ્ઞાન જેવી રીતે શ્રી કૃષ્ણ'એ અર્જુનને ધર્મના માધ્યમથી તેમના આંતર ચક્ષુ ખોલી નાખ્યા અને દિવ્ય જ્ઞાન પ્રદાન કર્યું, જે શબ્દો આજના સમયમાં પણ યથાર્થ છે. વર્ગખંડની અંદર તમારા ગુરુજનોએ જે ભણાવ્યું છે તે જ તમારે તૈયાર કરીને બોર્ડ પરીક્ષામાં લખવાનું હોય છે. પરિશ્રમ કર્યા વગર કશું જ પ્રાપ્ત થતું નથી એ તમારે સ્વીકારવું પડશે. ભગવદ્ગીતાના દાર્શનિક સિદ્ધાંતો મૂજબ કર્મના સિદ્ધાંતને સ્વીકારવો જ પડશે.ફળની આશા રાખવી હોય તો વૃક્ષ વાવવું પડે. આજે બાળકોના માનસ ઉપર ટેકનોલોજીએ ભરડો લીધો છે અને મોબાઈલ, ઈન્ટરનેટ અન્ય ઉપકરણોના ગુલામ બની પાઠ્યપુસ્તક કે સંદર્ભ ગ્રંથો વાંચવાની જગ્યાએ બિનજરૂરી સોશિયલ માધ્યમોમાં રચ્યા પચ્યા રહે છે. તેના કારણે અસરકારક પરિણામ આવતું નથી.


વિદ્યાર્થી મિત્રો પરિવાર, સમાજ અને દુનિયાનું અસ્તિત્વ સારા લોકો અને સારા તત્વોથી છે. જે શિક્ષણ, સમજ અને સમજદારીમાં છે. જ્યારે આપણે જીવનની પરીક્ષાની ઉત્તરવહીમાં સાચા જવાબો અંકિત કરીએ.ચિંતા છોડો નિજાનંદમાં જીવો અને સફળતા મેળવો.જિંદગી જીવવા માટે છે તેને વેડફી નાખવાનો કોઈ અધિકાર નથી.દુનિયાના મહાન પુરુષો તેમની સફળતા તેમના કર્મ થકી છે. ઓછા ટકા આવશે.મને સારી જગ્યાએ પ્રવેશ નહીં મળે આ બધું છોડીને આંતરિક શક્તિઓ તમારી અંદર જે પડેલી છે તેને વાગોળો તેજ તમને મુકામ સુધી લઈ જશે.

હમણાં જ મહેસાણા જિલ્લાનો ધોરણ ૧૦ માં નાપાસ વિદ્યાર્થીએ થરમોકોલથી વિમાન બનાવ્યું.તેની આંતરિક સૂઝબૂઝ થકી તે બનાવી શકયો. હું તો રોજ બાળકોને કહું છું કે તમે જે કરો તે શ્રેષ્ઠ કરો.સાઈકલ રીપેરીંગ કરો તો એવી રીપેરીંગ કરો કે રીપેરીંગ કરવાવાળાઓની લાઈન લાગે. રાજ્યના સારસ્વત મિત્રોને પણ વિનંતી કે આપણે જે વર્ગમાં ભણાવીએ છીએ તે શ્રેષ્ઠ ભણાવીએ છીએ? ફાટેલી નોટો વારો પગાર લેતા નથી? એટલે અંતર આત્માને કેન્દ્રસ્થાને રાખીને બાળકોને પ્રેરણા, પ્રોત્સાહન અને માર્ગદર્શન આપીએ.

વેદોને સમજવાને બદલે કોઈક બાળકની વેદના ને સમજશું તો વેદ જ છે. બોર્ડ પરીક્ષા વખતે અમદાવાદ શહેરના જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી રોહિતભાઈ ચૌધરી સાહેબ નિતીન નામના દિવ્યાંગ વિદ્યાર્થીને મળ્યા.તે વિધાર્થીને બંને હાથ નથી. તેમ છતાં તેને લહિયો લેવાની ના પાડી અને પોતે પગેથી બોર્ડ પેપર લખશે. નીતિન આત્મ વિશ્વાસથી પેપર આપતો નજર પડે છે. સાહેબે તેની મક્કમતા અને દ્રઢતાને જોઈ પોત્સાહિત કરી તમામ ભણવાનો ખર્ચ જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી રોહિતભાઈ સાહેબ આપશે.આ બાબત એ બતાવે છે કે જેના અંતરમાં શિક્ષણની સંજીવીની અને સંવેદનાઓ પડેલી છે તેને મદદ કરવાની ભાવના ઈશ્વર દ્વારા અંકિત થઈ જતી હોય છે. પ્રભુ આવા સ્વરૂપે મોકલી દે છે. ડી. ઈ. ઓ સાહેબ તે પ્રસાદ આપવાનું માધ્યમ બન્યા.શ્રી રોહિતભાઈ સાહેબને ખુબ ખુબ શુભેછા.વૈદિક ગ્રંથોના જ્ઞાનથી ભગવાન સાથેના પોતાના સંબંધને જાણી શકાય છે.પરંતુ જ્યારે આત્મજ્ઞાન માનવસેવા તરફ પ્રયાણ કરે છે ત્યારે મનુષ્ય સ્વર્ગલોકના પંથે હોય છે.ત્યારે જીવન સફરતાની પરીક્ષામાં પાસ થઈ શકીએ છીએ.તેજ સૌથી મોટી ડિગ્રી.સૌ પરીક્ષાર્થીઓને પરીક્ષા માટે હાર્દિક શુભકામનાઓ પાઠવું છું. હોળીની અગ્નિ જ્વાળા જેમ ઊંચેને ઊંચે જાય છે. તેમ આપ આગળ વધો તેવી આશા. વિદ્યાર્થી દેવો ભવઃ ■


Mo.9825702282

# ઊંઘનું મહત્વ અને જરૂરીયાત



ઊંઘએ માત્ર શરીરને આરામ આપવાની પ્રક્રિયા નથી, પણ તે એક શારીરિક અને માનસિક 'રિપેરિંગ' પ્રોસેસ છે. જેવી રીતે ફોનને રિચાર્જ કરવો પડે છે, તેવી જ રીતે આપણા મગજ અને શરીરને ઊંઘની જરૂર હોય છે.

ઊંઘનું મહત્વ નીચે મુજબના મુદ્દાઓથી સમજી શકાય છે:

૧. શારીરિક સ્વાસ્થ્ય માટે

● રોગ પ્રતિકારકશક્તિઃ પૂરતી ઊંઘ લેવાથી શરીરની બીમારીઓ સામે લડવાની શક્તિ (**Immunity**) વધે છે.

●હૃદયનું સ્વાસ્થ્યઃ ઊંઘ દરમિયાન બ્લડપ્રેશર નિયંત્રિત થાય છે, જે હૃદયરોગના જોખમને ઘટાડે છે.

● વજન નિયંત્રણઃ ઓછી ઊંઘ લેવાથી ભૂખ લગાડતા હોર્મોન્સ અસંતુલિત થાય છે, જેનાથી વજન વધવાની શક્યતા રહે છે.

૨. માનસિક અને બૌદ્ધિક વિકાસ

● યાદશક્તિઃ આપણે દિવસ દરમિયાન જે શીખીએ છીએ, મગજ તેને ઊંઘ દરમિયાન 'સ્ટોર' કરે છે. સારી ઊંઘ યાદશક્તિ વધારે છે.

● એકાગ્રતાઃ પૂરતી ઊંઘ લેવાથી કામમાં ધ્યાન પરોવવું સરળ બને છે અને નિર્ણય લેવાની ક્ષમતા સુધરે છે.

● ક્રિએટિવિટીઃજે લોકો સારી ઊંઘ લે છે, તેમનું મગજ નવા વિચારો અને સમસ્યાના ઉકેલ માટે વધુ સક્ષમ હોય છે.

૩. ભાવનાત્મક સંતુલન

● જો ઊંઘ પૂરી ન થાય, તો માણસ ચીડિયો બની જાય છે. તણાવ (**Stress**), ચિંતા (**Anxiety**) અને હતાશા (**Depression**) જેવી સમસ્યાઓ ઘટાડવા માટે ગહેરી ઊંઘ અનિવાર્ય છે.

માત્ર ઊંઘના કલાકો જ નહીં, પણ ઊંઘની ગુણવત્તા (**Quality**) પણ મહત્વની છે. રાત્રે વહેલા સુઈ જવું અને સવારે વહેલા ઉઠવું એ સ્વાસ્થ્ય માટે શ્રેષ્ઠ છે.

ચોક્કસ, ઊંઘ વિશે વધુ ઊંડાણપૂર્વક વાત કરીએ. ઊંઘ એ આપણા જીવનના૧/૩ ભાગ જેટલો સમય રોકે છે, અને તે સમય જરાય વેડફાતો નથી.

જો તમે સારી ઊંઘ નથી લઈ રહ્યા અથવા ઊંઘમાં સુધારો કરવા માંગો છો, તો આ 'સ્લીપહાઈજીન' (**Sleep Hygiene**) ટિપ્સ તમને ખૂબ મદદરૂપ થશેઃ

૧. સૂવાનો નિશ્ચિત સમય (**Routine**)

દરરોજ રાત્રે એક જ સમયે સૂવાની અને સવારે એક જ સમયે ઉઠવાની આદત પાડો. વીકેન્ડમાં પણ આ સમય જાળવવો જોઈએ જેથી શરીરનું 'બાયોલોજીકલક્લોક' સેટ રહે.

૨. ગેજેટ્સથી દૂરી

સૂવાના ઓછામાં ઓછા૩૦ થી ૬૦ મિનિટ પહેલાં મોબાઈલ, લેપટોપ કે ટીવી બંધ કરી દેવા જોઈએ. આ સાધનોમાંથી નીકળતી 'બ્લુ લાઈટ' (**Blue Light**) આપણા શરીરમાં મેલાટોનિન (ઊંઘનોહોર્મોન) બનતા રોકે છે.

૩. વાતાવરણમાં ફેરફાર

● અંધારુંઃ ઓરડામાં બને તેટલું અંધારું રાખો.

● તાપમાનઃ રૂમનું તાપમાન થોડું ઠંડું હોય તો વધુ સારી ઊંઘ આવે છે.

● શાંતિઃઘોંઘાટ ઓછો હોય તેવી જગ્યા પસંદ કરો.

૪. ખાન-પાન પર ધ્યાન

● રાત્રે સૂવાના ૩ કલાક પહેલાં ભારે ભોજન ટાળો.

● સાંજ પછી ચા કે કોફી (કેફીન)લેવાનું ટાળો, કારણ કે તેની અસર શરીરમાં ૬-૮ કલાક સુધી રહી શકે છે. (ક્રમશઃ)



વૈવિધ્ય
ડો. હેમાંગી ડી. મહેતા,
એસોસિયેટ પ્રોફેસર, વિષય નિષ્ણાંત
ચિલ્ડ્રન્સ રસર્ચ યુનિવર્સીટી, ગાંધીનગર
hemangidmehta@gmail.com

# જ્યારે જ્યારે ગામ ઉપર કોઈ ઓચિંતી આફત ઊતરી આવે

ગામે એવાં ભણેલ છોકરાઓને ભું પાય હકે એવાં અભણ અમથાલાલની મતી આજે મારી ગઈ હતી.

જ્યારે જ્યારે ગામ ઉપર કોઈ ઓચિંતી આફત ઊતરી આવે છે, ત્યારે કોઈની કારી ના ફાવે તંઈ અભણ અમથાલાલને બોલાવવા પડે છે. ઈ અમથાલાલ આજે મોઢું સીવીને બેઠાં છે.



વાત એમ છે કે, અર્ધું ગામ ગામને ગોંદરે આવી ને ગયું છે. સૌ ગામમાં વાતો કરે છે કે, ગામનાં ગોંદરે કોઈ 'કરોડ પતિ બનેવીલાલ' આવ્યાં છે.

અમથાલાલે 'ય આવીને નિરિક્ષણ કર્યું. આડા અવળું, આમથી તેમ જોયું. પણ, એકેય બાજુંથી કરોડ પતિ બનેવીલાલ લાગતાં નથી. હા, કદાચ! બનેવીલાલ હશે!! પણ, કરોડ પતિ!?? અને બનેવીલાલ હશે તો.. ગામનાં કોઈનાં તો જમાઈ હશે ને !?? પણ કોનાં જમાઈ ??

અમથાલાલને ટપ્પો નાં પડ્યો એટલે એમણે વાત પુગાડી બોસ પાંહે. કદાચ! એ ઓળખતાં હોય.

"બોસ, ગામને ગોંદરે એક માણસ આવ્યો છે. અને કહે છે કે, હું તમારો 'કરોડ પતિ બનેવીલાલ' છું. તો એ કોનાં જમાઈ હશે!??"

બોસને ય નવાઈ લાગી. 'ગામ આખામાં માંડ માંડ થોડાં 'ક લાખો પતિ મળે. એમાં આ કરોડ પતિ બનેવીલાલ ક્યાંથી ટપકી પડ્યો !!"

"અમથાલાલ , એ માણહ કેવી રીતે મતલબ કઈ ગાડી લઈને આવ્યો છે? શું એમની પાંહે મોંઘીદાટ, મોટી, ભારે માંહ્યલી ગાડી બાડી છે? અને એ ગાડીમાં લાડી છે ?"

"ના ના ના બોસ. ગાડી તો શું હારુ મોટરસાયકલે 'ય નથી.ગુડીયા વેલ (પગે ચાલીને) કરીને આવ્યો છે."

"અમથાલાલ, કરોડ પતિ હોય તો ગાડી તો લાખો રૂપિયાની હોવી જોઈએને? આજકાલ તમે નથી જોતાં. કરોડ પતિનાં બી પી એલ છોકરાઓને અને છોકરીઓ કેવી મોંઘી મોંઘી ગાડીઓ લયને પુરપાટ ઝડપે નીકળે છે. અને થાર,બી એમ ડબલ્યુ ને કંઈ કેટલીય ગાડી. આપણને તો નામે ય ના આવડે એવી એવી ગાડીનાં એક્સીડન્ટ કરે છે. પોતે તો કદાચ મરે પણ, હારે હારે નિર્દોષ માનવીઓનો ય જીવ લે છે.



લાગે તો તીર..
કાળુભાઇ ભાડ

આ..આ.. શું છે ? લોકોને બતાવે છે કે, અમારી પાસે આવી આવી મોંઘી ગાડીઓ છે. અને અમે એને આટલી ઝડપે કોઈની પણ પરવાહ કર્યા વગર હંકારી હકીએ છીએ. તો પછી આ ગામનાં બનેવીલાલ પાંહે એકાદ ગાડી તો હોવી જોઈએ કે નહીં !??"

"તમારી વાતમાં દમ છે બોસ. પણ આ ગળે પડું બનેવીલાલને હવે ઓળખવો કેમ? એ કોનો જમ મતલબ જમાઈ હશે? અને પાછો કહે છે કે, હવે મારે ઘર જમાઈ રહેવું છે. મારી પાસે જે ધન છે, એને આ વિસ્તારની આજુબાજુ વહેંચવુ છે."

"અમથાલાલ, એણે કપડાં કેવાં પહેર્યા છે? જો એણે ગોંઠણેથી અને હાથળેથી ફાટેલ પેન્ટ પહેર્યું હશે ને તો કદાચ એ કરોડ પતિ હશે. આજકાલ કરોડ પતિના છોકરાઓ અને છોકરીઓમા આવાં કપડાં પહેરવાની નવી ફેશન હાલે છે. (જે ચાલીસ વર્ષ પહેલાં ગરીબના છોકરાઓ પહેરતાં) આવું કાંઈ એમણે પહેર્યું છે?"

"ના બોસ, આવું તો કાંઈ એમણે નથી પહેર્યું!! ઊલટાના હાદા કપડાં અને માંથે બંડી -જરસી ઠપકારી છે. "

"માળો બનેવીલાલ!! આજનાં કરોડ પતિનાં એકેય છોકરાં જેવો લાગતો નથી. તો તો પછી આ કહેવાતાં બનેવીલાલને રૂબરૂ મળવું પડશે અમથાલાલ."

"તો પછી જટ હાલો, એ ગામમાં ખોટું બોલીને કોઈનું ફુલેકું ફેરવી નાંખે ઈ પેલાં આપણે જ એમનું ફુલેકું મતલબ પથારી ફેરવી દઈએ અને દૂધનું દૂધ અને પાણીનું પાણી કરી દઈએ. (આજકાલ દૂધનાં ટેન્કરેય નકલી ભરાય છે. આમાં કહેવતેય ભોંઠી પડે છે.)

હુંહવાટા ભર્યા બેય આગળ ચાલે છે. અને પાછળ પાછળ પંદર વીસનુ ટોળું. ગામને ગોંદરે આવીને હંધાય ઊભાં રહી ગયાં.

બોસમા વ્યાપેલો રઘવાટ એક જ સેકન્ડમાં ટાયરમાંથી હવા નીકળે એમ નીકળી ગયો. ગામ લોકો મોઢામાં આંગળા નાંખી ગયાં. બોસને અચાનક જ આ શું થયું? હમણાં જ આરપારની લડાઈ લડી લેશે એવું લાગતું હતું ને , અચાનક જ હંધાય હથિયાર હેઠાં કાં મૂકી દીધાં!??

છેવટે બોસે જ મોઢું ખોલ્યું.

"લે..એ !આવો..આવો..વિકાસ ભાંભૂ બનેવીલાલ !!"

આખો ગોંદરો મોઢું સીવીને બેહી ગયો.

'વિકાસ ભાંભૂ બનેવીલાલ?? ઈ વળી કોણ??"

દરેકનાં બંધ મોઢામાં એક જ પ્રશ્ન હતો.

આખરે બોસે જ ચોખવટ કરી.

"આ આપણાં ગામે માનેલી બેનનો ઘરવાળો વિકાસ ભાંભૂ બનેવીલાલ છે. વરસો પહેલાં એ રાજસ્થાન હરિયાણાથી ઢોરા લયને આપણાં ગામ આવેલ. એની ઘરવાળીને ગામે બહેન માનેલ. એ નાતે એ ખરો બનેવીલાલ થયો કહેવાય."

છતાંય અમથાલાલને હજીય કરોડ પતિની શંકા ઊભી જ હતી.

એ પણ બોસે ચોખવટ કરી દીધી.

"અમથાલાલ, એ કરોડ પતિ બનેવીલાલ હાસો.

એમની પાંહે એક પાડો છે. જેનું નામ છે 'કુબેર' રાજસ્થાનમાં એક આંતરરાષ્ટ્રીય મેળો ભરાયો હતો. એમાં આ પાડો કુબેરને સર્વોચ્ચ એવોર્ડ મળ્યો હતો.

જાણે દુનિયાનો સૌથી સુંદર પાડો.

એમ હમણાં કુરૂક્ષેત્રમા પણ આવો જ એક મેળો ભરાયો. જેમાં આ ફતેહાબાદના 'નાહોડી' ગામનો વિકાસ ભાંભૂનો કુબેર પાડો ઈટલીના ખરીદદારે રૂપિયા ૨૧ કરોડમાં માંગ્યો.

પરંતુ આપણાં બનેવીલાલે કહ્યું ૨૧ તો શું ૫૦ કરોડ આપો તોય મારે આ કુબેરને વેચવો નથી."

"પણ બોસ, આ બનેવીલાલને અહીં આવવાનું કારણ શું?× અમથાલાલને પ્રશ્ન થયો. હવે બનેવીલાલને બોલવું પડ્યું.

"આ પાડો અત્યારે ૨૦૦૦ થી ૩૦૦૦ પાડા -પાડીનો બાપ છે. મને દર મહિને રૂપિયા પંદરથી વીસ લાખ કમાઈને આપે છે. એવી ઉત્તમ નસલ/ઓલાદનો આ પાડો છે. મને થયું તમારાં વિસ્તારનું મારાં માથે રૂણ છે. એ રૂણ થોડું ઘણું ય ઉતારૂં. અને હમણાં અહીં જ રોકાઈ જાવ.

ગોંદરો આખો તાળિયોથી ભરાઈ ગયો.

kalubhaibhad123@gmail.com

# જીવો જીંદગી મોજથી

"આજે મૂડ નથી...!" વ્યસ્ત દંપતી મોટાભાગે એકબીજાને આવું કહેતા હોય છે. ઘર-ઓફિસની ભાગદોડ, સમયની કમી અને કેટલાય પ્રકારના આર્થિક બોજ તેમની પર્સનલ લાઈફને બુરી રીતે અસર કરે છે. ચિંતા કે દબાણથી સંપૂર્ણપણે મુક્ત થવું મુશ્કેલ છે, પરંતુ આ બધાની વચ્ચે તમારા અંતરંગ સંબંધને ગુમાવવો એ પણ સમજદારી નથી જ...!



તણાવ કે દબાણની અસર જીવનના દરેક પાસાં પર પડે છે. જાહેર છે, સેક્સ લાઈફ પણ એમાંથી બાકાત નથી રહેતી. આજના સમયમાં દરેક વ્યક્તિ બહેતર કરિયર અને અંગત જીવનસ્તરની ચાહનામાં ખોવાઈ રહી છે. પરિવાર અને અંગત સંબંધો માટે સમય જ નથી મળતો. ચાહે એ સ્ત્રી હોય કે પુરુષ દરેક વ્યક્તિ પોતાના કામમાં વ્યસ્ત બની જાય છે. જવાબદારી નિભાવવામાં ને નિભાવવામાં જ જિંદગીના અમૂલ્ય દિવસો નીકળી જાય છે. જ્યારે તેનું ભાન થાય છે ત્યારે તો સમય ઘણો આગળ નીકળી જાય છે. પછી ન તો શરીર સાથ આપે છે કે ન તો શક્તિ. પરિણામે પાછળથી એવું જ્ઞાન થાય છે કે સમયને જો પોતાની અનુકૂળતા અને જરૂરિયાત મુજબ જીવ્યા હોત તો કેવું સારું થાત, પણ હવે શું? આ પ્રશ્ન દરેક દંપતીને મૂંઝવતો પ્રશ્ન છે. એક્સપર્ટ્સનું માનવું છે કે, તેમની પાસે આવનારા લોકોમાંથી ૭૦ થી ૭૫ ટકા લોકો કોઈને કોઈ તણાવ સામે ઝઝૂમી રહ્યા હોય છે. આ તણાવ એમને શારીરિક, માનસિક અને ભાવનાત્મક રીતે કમજોર કરી શકે છે.

તણાવની સાઈડ ઈફેક્ટ્સ : એક્સપર્ટનું કહેવું છે કે,

સેક્સ સંબંધ સ્ટ્રેસ બસ્ટરનું કામ કરે છે. પરંતુ કેટલીકવાર તણાવ એટલો હાવી બની જાય છે કે બેડરૂમની ભીતર સુધી ચાલ્યો જાય છે. તણાવ કે દબાણ સેક્સ સંબંધોને આ રીતે અસર કરે છે

(૧) તણાવ આત્મવિશ્વાસને ઘટાડે છે, જે આખી વિચાર પ્રક્રિયાને બદલી નાખે છે.

(૨) આજકાલ લોકો ફિટનેસની ચિંતા કરે છે. થોડોક પણ ફેટ તેમને શરમ મહેસૂસ કરાવે છે. હેલ્ધી વેટ વ્યક્તિને આકર્ષક બનાવે છે. પરંતુ દૂબળા હોવાનું ઓબ્સેસન હોર્મોનલ સ્તરને પલટાવી નાખે છે, જેથી લિબિડોમાં કમી આવવા લાગે છે.

(૩) શોધ અનુસાર, તણાવગ્રસ્ત વ્યક્તિ સંબંધ કે પાર્ટનર પ્રત્યે નકારાત્મક ભાવનાઓથી ભરાઈ જાય છે. કેટલીકવાર તો એ સમજી પણ નથી શકતા કે આવું તણાવને કારણે થઈ રહ્યું છે.

(૪) તણાવની સ્થિતિમાં સ્ટેરોયડ હોર્મોન કાર્ટિસોલનો સ્ત્રાવ અધિક થવા લાગે છે, જે સેક્સ હોર્મોનને દબાવવા લાગે છે, એનાથી લિબિડોમાં કમી આવે છે. કાર્ટિસોલ ઓઈલ પ્રોડક્શન વધારી દે છે, જેથી એક્ને, પિંપલ્સ જેવી પરેશાનીઓ થવા લાગે છે. યુરોપિયન સોસાયટી ફોર હ્યુમન રીપ્રોડક્શન એન્ડ એમ્બ્રયોલોજી, પ્રાગમાં થયેલા એક અધ્યયનમાં જણાવાયું હતું કે, કાર્ટિસોલ સ્તર વધવાનો અર્થ છે કન્સીવ કરવામાં અવરોધ, વ્યસ્ત અને નોકરી કરતી મહિલાઓમાં એની શક્યતાઓ અધિક રહે છે.

(૫) જ્યારે વ્યક્તિ પરિવાર અને પાર્ટનરને સમય નથી આપી શકતી કે પછી દંપતી વચ્ચે સંવાદહીનતાની સ્થિતિ પેદા થાય છે તો સંબંધમાં સમસ્યાઓ પેદા થવા લાગે છે. અગર એક સાથી સેક્સક્રિયામાં રસ ન દર્શાવે તો બીજો પણ સેક્સ પ્રત્યે વિમુખ થવા લાગે છે.

(૬) કેટલાક લોકો તણાવમાંથી ઉગરવા માટે આલ્કોહોલ, એન્ટીડિપ્રેસન્ટ્સ અને લગ્નેતર સંબંધોનો સહારો લેવા માંડે છે. આલ્કોહોલથી પણ લિબિડોમાં કમી આવવા લાગે છે.

સેક્સ સંબંધોને નજરો નહી

એવાં કંઈ કેટલાય અધ્યયન થયા છે, જે દર્શાવે છે કે પડકારભરી સ્થિતિઓ, દુઃખ, તણાવ કે આઘાતની સ્થિતિમાં એક સારો સેક્સ સંબંધ બ્લડ પ્રેશરને સંતુલિત રાખે છે. સેક્સક્રિયા દબાણ અને નકારાત્મક વિચારોથી મુક્તિ અપાવે છે. એક સારી સેક્સક્રિયા બીજા દિવસના મૂડને પણ બહેતર બનાવી રાખે છે. પાર્ટનરનો પોઝિટિવ ફિઝિકલ ટચ સ્ત્રીને તણાવની સ્થિતિમાં પણ રાહત અપાવે છે. આ જ રીતે ઓર્ગેઝમથી શરીર અને મન બંનેને રાહત મળે છે, એનાથી એ બધાં હોર્મોન્સનો સ્ત્રાવ થવા લાગે છે જે ફીલ ગુડ કરાવે છે. અધ્યયનમાં જણાયું છે કે સેક્સ્યુઅલ મસાજથી તન અને મન બંને પ્રસન્નતા અનુભવે છે. ભાવનાત્મક સ્વાસ્થ્યમાં સ્પર્શની ભૂમિકાને નજર અંદાજ કરી શકાય નહીં. સેક્સ્યુઅલ એક્ટિવિટીથી એન્ડોર્ફિન્સનો સ્ત્રાવ વધે છે, જે ફીલ ગુડ હોર્મોન છે.

આમ થશે તણાવ ઓછો

તણાવની સ્થિતિમાં ખાણી-પીણી, વ્યાયામ અને રિલેક્સેશન ટેકનિક્સ ઉપરાંત દવાઓની પણ મદદ લેવી પડી શકે છે. ધ્યાન, નિયમિત વ્યાયામ અને પારિવારિક બોન્ડિંગ વિપરીત સ્થિતિમાં રાહત પ્રદાન કરવામાં મદદગાર બને છે. એક્સપર્ટ માને છે કે, તણાવથી બચવા માટે કેટલાક લોકો લગ્નેતર સંબંધ બાંધે છે. આવા ભાવનાત્મક કે શારીરિક સંબંધોની પરિસ્થિતિ અંતેતો બુરી જ નીવડે છે. જો જીવનમાંથી તણાવને ઘટાડવા ઈચ્છતા હોવ અને આપની સેક્સ લાઈફને બહેતર બનાવવા માગતા હોવ તો નીચેના ઉપાય કારગર નીવડી શકે છેઃ

પૌષ્ટિક આહારઃ શરીરમાં જે ભોજન જાય છે, એ ક્યાક તો ઉર્જા પ્રદાન કરે છે કે પછી સુસ્તી કે ભારેપણું આપે છે. ×અન્ન એવો ઓડકાર×, ફળો, શાકભાજી ઉપરાંત પ્રોટીન, કેલ્શિયમ અને આખા ધાનથી ભરપૂર ડાયેટ ઉર્જાવાન બનાવી રાખે છે.

વ્યાયામઃ કેટલીકવાર શરીર એટલો થાક અને દુખાવો મહેસૂસ કરે છે કે વ્યાયામ કરવો પણ મુશ્કેલ જણાય છે. સચ્ચાઈ એ છે કે ૧૫-૨૦ મિનિટ ધ્યાન, યોગ કે હળવી એક્સરસાઈઝ પણ આખો દિવસ ચુસ્ત બનાવી રાખે છે. એનાથી શરીરમાં સકારાત્મક હોર્મોન્સનો સ્ત્રાવ થાય છે અને શરીર સારું મહેસૂસ કરે છે.

પ્રવાસનામા
જયસ્વી
પટેલ



સારી ઊંઘઃ સારી અને ગાઢ નિદ્રા પણ કેટલીય પરેશાનીઓથી બચાવે છે. એટલા માટે કોશિશ કરો કે નિદ્રા પૂરી લેવાય.

કામનું દબાણઃ દરેક કામને ગંભીરતા અને જવાબદારીથી કરવું એક ગુણ છે. પરંતુ કામ અને પર્સનલ લાઈફમાં સંતુલન પણ જરૂરી છે. અંગત જીવન સારું નહીં હોય તો તેની અસર પ્રોફેશનલ જીવન પર પણ પડશે. આપની પ્રાથમિકતા નક્કી કરી, મહત્વપૂર્ણ કાર્યને પહેલાં પૂરાં કરવાની અને બિનજરૂરી કાર્યોમાં વધુ સમય ન આપવાથી દબાણ ઘટે છે અને કામની ગુણવત્તા વધે છે.

મદદ લોઃ ઘર-ઓફિસનું દરેક કામ જાતે જ કરી લેવાથી એવોર્ડ નથી મળતો, પરંતુ આપની જવાબદારી વહેંચી લેવાથી તણાવ ઘટે છે અને સંતોષ મળી શકે છે.

મૂડ બૂસ્ટર ટેકનિકઃ દરેક વ્યક્તિને પોતાનો કોઈ શોખ હોય છે. કોઈને વાંચનથી શાંતિ મળે છે તો કોઈને મ્યુઝિકથી. થોડો સમય તમારા શોખને સંતોષવામાં ફાળવો.

ઓપન રહોઃ મનમાં તણાવ, ગુસ્સો કે ચિંતા હોય તો કંઈક ક્રિએટિવ કામ કરો. જો કોઈ સમસ્યા પરેશાન કરી રહી હોય તો તેના નિવારણની દિશામાં પહેલ કરો. કેટલીક સમસ્યા વાતચીતથી પણ નિવારી શકાય છે.

sanjogpurti@gmail.com

# ટમટમ સૂઈ ગયો!



આકાશમાં ઘણા બધા ટમટમતા તારલા રહે. આ તારલા દિવસે સૂઈ જાય અને રાત પડે એટલે આખા આકાશમાં દીવા પ્રગટાવીને જાગી જાય. આ તારલાઓમાં એક નાનકડો તારલો હતો, જેનું નામ હતું - 'ટમટમ'.

ટમટમ બહુ જ તોફાની હતો. એને આકાશમાં એક જગ્યાએ બેસી રહેવું ગમે જ નહીં. એ તો આખા આકાશમાં આમ-તેમ દોડ્યા કરે.

એક રાત્રે ટમટમની નજર નીચે પૃથ્વી પર પડી. ત્યાં એક નાનું બાળક બારીમાં બેસીને આકાશ સામે જોઈ રહ્યું હતું. ટમટમને વિચાર આવ્યો, 'ચાલને, આ બાળક સાથે કાંઈક મજાક કરું!'



રે વાર્તા!
મનીષ સુથાર

ટમટમ તો આકાશમાંથી સરરરર... કરતો નીચે ઉતર્યો. એ પેલા બાળકના નાક પર જઈને બેસી ગયો અને એના નાક પર 'ટમટમ' ટમટમ' કરતો ચમકવા લાગ્યો. બાળકને નાક પર ગલીપચી થઈ! એણે જોરથી છીંક ખાધી - 'અચ્છૂંઉં...!' છીંકના ધક્કાથી ટમટમ તારલો ઉછળીને સીધો જઈને ચાંદામામાના ખોળામાં પડ્યો!

ચાંદામામા તો ગોળ-મટોળ ગાલ હલાવીને હસવા લાગ્યા. એમણે કહ્યું, 'અરે ટમટમ, તું આ શું કરે છે? જો બધા તારલાઓ તારી જેમ નીચે જશે તો આકાશમાં અંધારું થઈ જશે!' ટમટમ કહે, 'મામા, મને તો રમત રમવી છે. જુઓ પેલા વાદળાં કેવા રૂ જેવા પોચા-પોચા છે!'

ટમટમ દોડીને એક મોટા સફેદ વાદળમાં સંતાઈ ગયો. બીજા તારલાઓએ જોયું તો એમને પણ મજા પડી ગઈ. બધા તારલાઓ વાદળ પાછળ સંતાવા લાગ્યા. આકાશમાં તો 'સંતાકૂકડી'ની રમત શરૂ થઈ ગઈ! ક્યારેક તારલા દેખાય, તો ક્યારેક વાદળ પાછળ છુપાઈ જાય.

રમતા-રમતા ખબર જ ન પડી અને પૂર્વ દિશામાંથી સૂરજદાદાએ ડોકિયું કર્યું. સૂરજદાદાને આવતા જોઈને બધા તારલા ગભરાઈ ગયા. ટમટમ બોલ્યો, 'ચલો ભાઈઓ, જલ્દી સંતાઈ જાઓ, નહિતર સૂરજદાદા આપણને પકડી લેશે!' બધા તારલાઓ પોતપોતાની પથારીમાં જઈને સૂઈ ગયા. ટમટમ પણ દોડતો ગયો ને ચૂપચાપ સંતાઈ ગયો ને પછી સૂઈ ગયો અને ફરી પાછા સૂરજદાદા સૂઈ જાય એની રાહ જોવા લાગ્યો.

Mo 9099172177

આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ "ા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.

# ગોંડલ પાસે શંકાસ્પદ ઘીના કારખાના પર SOGનો દરોડો: રૂ.૧.૫૯ લાખનો મુદ્દામાલ જપ્ત



ગોંડલ,તા.૦૩

રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં લોકોના આરોગ્ય સાથે ચેડા કરતા તત્વો સામે પોલીસે લાલ આંખ કરી છે. ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલી એક ડેરી પ્રોડક્ટની કંપનીમાં સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) દ્વારા દરોડો પાડીને શંકાસ્પદ ઘીનો મોટો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે.

એસ.ઓ.જી.ની ટીમને બાતમી મળી હતી કે ગોમટા ચોકડી પાસે આવેલ 'કોરોવા મિલ્ક પ્રોડક્ટ પ્રાઈવેટ લિમિટેડ' નામના એકમમાં શંકાસ્પદ ઘીનો જથ્થો રાખવામાં આવ્યો છે. જેના આધારે SOG અને ફુડ એન્ડ ડ્રગ કંટ્રોલ વિભાગે સંયુક્ત રીતે સ્થળ પર દરોડો પાડ્યો હતો.

તપાસ દરમિયાન ૧૫૦ લીટર શંકાસ્પદ છુટું (લુઝ) ઘી (કિંમત રૂ.૯૩,૦૦૦/-) અને ૧૦૮ લીટર પ્રસંગ દેશી ગાયનું ઘી (કિંમત રૂ.૬૬,૯૬૨/-) મળી કુલ રૂ.૧,૫૯,૯૬૨/- નો મુદ્દામાલ સીલ કરવામાં આવ્યો છે. પોલીસે સ્થળ પર હાજર સંચાલક મુકેશભાઈ જમનભાઈ બાલધાની પૂછપરછ કરી હતી. ફુડ એન્ડ ડ્રગ વિભાગ દ્વારા શંકાસ્પદ ઘીના નમૂના લઈ પૃથ્થકરણ અર્થે લેબમાં મોકલી આપવામાં આવ્યા છે, જેનો રિપોર્ટ આવ્યા બાદ આગળની કાર્યવાહી હાથ ધરાશે.

### રાજયમંત્રી કૌશિક વેકરીયા, અશ્વિન સાવલીયાની હાજરીમાં

# કુંકાવાવના જંગર ગામે જિલ્લા કક્ષાની પશુપાલન શિબિર યોજાઈ




અમરેલી,તા.૦૩

કુંકાવાવના જંગર મુકામે આયોજિત પશુપાલન શિબિરમાં રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ પશુપાલકોને ખેતીની સાથે પશુપાલન અપનાવી આર્થિક સમૃદ્ધિ મેળવવા પ્રોત્સાહિત કર્યા હતા. તેમણે ૧૯૬૨ એનિમલ એમ્બ્યુલન્સ સેવાને પશુઓ માટે આશીર્વાદરૂપ ગણાવી બ્રુસેલા વાયરસ સામે રસીકરણ કરાવવા પર ભાર મૂક્યો હતો. મંત્રીશ્રીએ અમરેલી અને વડિયા-કુંકાવાવ વિસ્તારના ખેડૂતો માટે સૌની યોજના દ્વારા તળાવો ભરવાની અને વિધાનસભાના ૧૧૫ ગામોમાં નવા તળાવો ખોદવાની મહત્વની જાહેરાત પણ કરી હતી. આ કાર્યક્રમમાં અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલિયાએ સેક્સ સોર્ટેડ સિમેન અને એમ્બ્રિયો ટેકનોલોજી જેવી આધુનિક પદ્ધતિઓ વિશે જાણકારી આપી પશુપાલકોને તે અપનાવવા અનુરોધ કર્યો હતો. શિબિરમાં વિવિધ વક્તાઓએ સરકારની કલ્યાણકારી યોજનાઓ અને પશુ આરોગ્ય અંગે ઊંડાણપૂર્વકનું માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ તકે પશુપાલન વિભાગનાં અધિકારીઓ, પદાધિકારીઓ, આસપાસના ગામનાં સરપંચો અને પશુપાલકો ઉપસ્થિત રહ્યા હતા.

# બાબાપુર ગામના વિદ્યાર્થીની બાલાછડીની સૈનિક સ્કૂલમાં પસંદગી થતા હર્ષની લાગણી



બાબાપુર,તા.૦૩

બાબાપુર નિવાસી હિતેશભાઈ રીબડીયાના પુત્ર મંત્રએ જસદણના આલ્ફા ટ્રેનિંગ સેન્ટરમાં ધોરણ પાંચનો અભ્યાસક્રમ પૂર્ણને કરી જામનગરની સૈનિક સ્કૂલ-બાલાછડીમાં પ્રવેશ મેળવવા માટેની તાજેતરમાં પરીક્ષા આપી હતી. તેણે પરીક્ષામાં કુલ ૩૦૦માંથી ૨૫૪ ગુણ મેળવેલ હોવાથી તેને આ સ્કૂલમાં પ્રવેશ મળશે. તે ત્યાં અભ્યાસક્રમ પૂર્ણ કરીને આગળ જતાં આર્મી અથવા નેવી ઓફિસર બની શકશે. આ સ્કૂલમાં ઉચ્ચ માર્ક મેળવનારને જ પ્રવેશ મળે છે. મંત્ર રીબડીયાએ આ સફળતા મેળવીને પરિવારનું અને જિલ્લાનું નામ રોશન કરેલ છે.

# ચલાલામાં રક્ષા શક્તિ ગર્લ્સ સ્કુલ અને સંસ્કૃત શક્તિ ગુરુકુળ દ્વારા 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ'ની શાનદાર ઉજવણી




ચલાલા,તા.૦૩

યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ચલાલા સંચાલિત રક્ષા શક્તિ ગર્લ્સ સ્કુલ અને સંસ્કૃત શક્તિ ગુરુકુળ દ્વારા 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ'ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ભારતના મહાન વૈજ્ઞાનિક સી.વી. રમન દ્વારા કરવામાં આવેલી 'રમન ઈફેક્ટ' ની શોધના અનુસંધાને આયોજિત આ કાર્યક્રમમાં ઓલ ઈન્ડિયા રામાનુજન મેથ્સ ક્લબના પ્રેસીડેન્ટ ડો. ચંદ્રમૌલી જોષી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ અવસરે વિવિધ વૈજ્ઞાનિક પ્રદર્શનો, મોડેલ રજૂઆત અને ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરાયું હતું. અતિથિ વિશેષ ડો. જોષીએ નાના નાના વિજ્ઞાનના રમકડાં દ્વારા સંસ્કૃત શક્તિ ગુરુકુળના બાળકોને પ્રયોગો કરાવી વિજ્ઞાનનું મહત્વ સમજાવ્યું હતું અને સંશોધન ક્ષેત્રે આગળ વધવા પ્રેરણા આપી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન રક્ષા શક્તિ ગર્લ્સ સ્કુલની દીકરીઓએ કર્યું હતું. ડો. રતિદાદાના આશીર્વાદ અને મહેશભાઈ મહેતાના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમને સફળ બનાવવા ડાયરેક્ટર શીતલબેન મહેતા, આચાર્ય અને સ્ટાફગણે જહેમત ઉઠાવી હતી.


# ધારીની ૧૬ વર્ષની દીકરીના ચક્ષુદાનથી બે વ્યક્તિના જીવનમાં ઉજાસ પથરાશે



ધારી,તા.૦૩

ધારીમાં રહેતા ભવાનભાઈ ઠુંમરની ૧૬ વર્ષની દીકરી છાયાનું અકાળે અવસાન થતા પરિવાર પર આભ તૂટી પડ્યું હતું. પરંતુ, આ અસહ્ય વેદનાની વચ્ચે પણ ઠુંમર પરિવારે દીકરીની આંખો દ્વારા અન્ય કોઈને દુનિયા જોવાની તક મળે તેવો ઉમદા નિર્ણય લીધો. પરિવારજનોએ તુરંત જ ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, સાવરકુંડલા તાલુકા બ્રાન્ચનો સંપર્ક કર્યો હતો. સંસ્થાના સેક્રેટરી મેહુલભાઈ વ્યાસે તાત્કાલિક ધારી જઈને ચક્ષુદાનની પ્રક્રિયા પૂર્ણ કરી હતી. ઉલ્લેખનીય છે કે, મેહુલભાઈ વ્યાસ દ્વારા અત્યાર સુધીમાં આ ૬૭૦મું ચક્ષુદાન સફળતાપૂર્વક સંપન્ન કરવામાં આવ્યું છે. આ કાર્યમાં મેહુલભાઈના પત્ની પૂજાબેન અને ઈલાબેન વાઢેરે પણ સેવાઓ આપી હતી.

# અમરેલીની આર. કે. વઘાસિયા કોમર્સ મહિલા કોલેજનું ૧૦૦% પરિણામ: તમામ વિદ્યાર્થિનીઓએ મેળવ્યું ડિસ્ટીંકશન




અમરેલી,તા.૦૩

અમરેલી જીલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત આર. કે. વઘાસિયા કોમર્સ મહિલા કોલેજ-અમરેલી (શાંતાબેન હરિભાઇ ગજેરા શૈક્ષણિક સંકુલ) દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ ના B.Com. (English Medium) સેમેસ્ટર-૫ નું યુનિવર્સિટી પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. આ પરિણામમાં કોલેજે ૧૦૦% પરિણામ મેળવવાની સાથે તમામ વિદ્યાર્થિનીઓએ ૧૦૦% ડિસ્ટીંકશન મેળવીને વિશિષ્ટ સિદ્ધિ હાંસલ કરી છે.

કોલેજની ટોપર્સ વિદ્યાર્થિનીઓમાં ભાકોડીયા ક્રિનલ આર.: ૯૦.૫૫% (કોલેજ ફર્સ્ટ), બારોલીયા સપના આર.: ૯૦.૩૬% (કોલેજ સેકન્ડ) અને પરમાર નેહાલી બી.: ૯૦.૧૮% (કોલેજ થર્ડ)નો સમાવેશ થાય છે. આ ભવ્ય સફળતા બદલ અમરેલી જીલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત કોલેજ પરિવાર તરફથી સ્ટાફ, વિદ્યાર્થીઓ અને રેન્કર્સને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# રાજુલામાં સોમવારની રાત્રિએ પંચરની દુકાનમાં આગ લાગતા અફરાતફરી



**ફાયર વિભાગ અને ૧૧૨ ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી, આગ કાબુમાં લીધી**

અમરેલી,તા.૦૩

રાજુલા શહેરના જૂના રેલ્વે સ્ટેશન વિસ્તારમાં મોડી રાત્રે અચાનક અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. અહીં આવેલી હાજીભાઈ પંચરવાલાની કેબિનમાં અચાનક આગ ભભૂકી ઉઠતા આસપાસના લોકોમાં ફાળ પડી હતી. આ સમયે ૧૧૨ ઈમરજન્સી ટીમ પેટ્રોલિંગમાં હતી અને તેમની સતર્ક નજરે આગ પડતા તેઓ તુરંત મદદે દોડી આવ્યા હતા. પોલીસ સ્ટાફે પ્રાથમિક તબક્કે નજીકની ચાની હોટલમાંથી પાણી મેળવી આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ આગ વધુ વિકરાળ બનતા ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી. સદનસીબે ફાયર સ્ટેશન નજીક હોવાથી ફાયરનો સ્ટાફ મિનિટોમાં ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. ફાયર ફાઈટરોએ ભારે જહેમત બાદ આગને બુઝાવી દીધી હતી. જો સમયસર કાર્યવાહી ન થઈ હોત તો આગ આસપાસના વિસ્તારમાં ફેલાઈ શકે તેમ હતી, પરંતુ ૧૧૨ની ટીમ અને ફાયર બ્રિગેડની સમયસૂચકતાના કારણે કોઈ જાનહાનિ થઈ નથી.

# ઓમાનમાં ઓઈલ ટેન્કર પર થયેલા હુમલામાં દીવના યુવકનું મોત થતા અરેરાટી



ઉના,તા.૦૩

ઓમાનના પોર્ટ સુલ્તાન કાબૂસ નજીક સમુદ્રમાં એક હૃદયદ્રાવક ઘટના બની છે, જેમાં MT સ્કાય લાઈટ નામના ઓઈલ ટેન્કર પર અચાનક ભીષણ મિસાઈલ હુમલો કરવામાં આવ્યો હતો. આ ભયાનક હુમલા સમયે દીવનો ૨૫ વર્ષીય આશાસ્પદ યુવાન દીક્ષિત અમરીશ સોલંકી જહાજના એન્જિન રૂમમાં પોતાની ફરજ બજાવી રહ્યો હતો અને રીડિંગ લેવાની કામગીરીમાં વ્યસ્ત હતો. કમનસીબે મિસાઈલ સીધું એન્જિન રૂમ સાથે અથડાતા ત્યાં જોરદાર વિસ્ફોટ થયો અને ભીષણ આગ ફાટી નીકળી હતી. આ અકસ્માતમાં ગંભીર ઈજાઓ થવાના કારણે દીક્ષિતનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. આ જહાજ પર કુલ ૨૧ ક્રૂ મેમ્બરો સવાર હતા, જેમાં ૧૬ ભારતીયો સહિત બાંગ્લાદેશી અને યુક્રેની નાગરિકોનો સમાવેશ થતો હતો.

# ચિત્તલમાં ૧૩ ગામનું વિરાટ હિન્દુ સંમેલન ૧૩ માર્ચના રોજ યોજાશે

ચિતલ,તા.૦૩

સંઘ શતાબ્દિ વર્ષની ઉજવણી નિમિત્તે ચિત્તલ ખાતે વિરાટ હિન્દુ સંમેલનનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ માટે ચિત્તલ મંડલના ૧૩ ગામોના પ્રબુદ્ધ નાગરિકોની એક બેઠક ગત શનિવારે સરસ્વતી વિદ્યાલય ખાતે યોજાઈ હતી, જેમાં દરકે ગામ અને સર્વે જ્ઞાતિમાંથી ૧૦૦ જેટલા પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં 'શ્રી મહાદેવ સેના હિન્દુ સંમેલન સમિતિ'ની રચના કરવામાં આવી હતી. સમિતિના અધ્યક્ષ તરીકે જયસુખભાઈ મનુભાઈ દેસાઈની વરણી કરવામાં આવી હતી. આ બેઠકમાં ૧૫ માર્ચ, રવિવારના રોજ ચિત્તલ મંડલના ૧૩ ગામોનું વિરાટ હિન્દુ સંમેલન સ્વામિનારાયણ ગુરુકુળ ખાતે યોજવાનું નક્કી કર્યું હતું, જેનું નામ 'શ્રી મહાદેવ સેના વિરાટ હિન્દુ સંમેલન' રાખવામાં આવ્યું છે.

# કોડીનારના બાવાના પીપળવા ગામે આઠ સિંહણના આંટાફેરાથી ફફડાટ

કોડીનાર,તા.૦૩

કોડીનાર તાલુકાના બાવાના પીપળવા ગામમાં છેલ્લા થોડા દિવસોથી વનરાજની પધરામણી વધતા સ્થાનિકોમાં ભારે ફફડાટ જોવા મળી રહ્યો છે. ગીરના જંગલથી અંદાજે ૩૦ કિલોમીટર દૂર આવેલા આ વિસ્તારમાં એકસાથે આઠ સિંહણોનું ટોળું દેખાતા આશ્ચર્ય સર્જાયું છે. મોડી રાત્રે આ ટોળું ગામની સીમમાં ત્રાટક્યું હતું અને એક પશુનું મારણ કરી મિજબાની માણી હતી. સવાર પડતા જ આ ઘટનાની વાત વાયુવેગે પ્રસરતા ખેડૂતોમાં ભયનો માહોલ છવાયો છે.


## -// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં //-

નં.જન્મ-મરણ કેસ નં૧૦૯/2026

**પ્રતિ,**
શ્રી વિનેશગીરી નારણગીરી ગૌસ્વામી,
રહે.મુળ સરખડી, ગામ-સરખડી, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
.....અરજદાર

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત, સરખડી,
તા.કોડીનાર, જિ.ગીરસોમનાથ ...સામાવાળા

### -:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના સરખડી ગામના રહીશ વિનેશગીરી નારણગીરી ગૌસ્વામી તથા વનિતાબેન વિનેશગીરી ગૌસ્વામી ના પુત્રી પ્રિન્સગીરી વિનેશગીરી ગૌસ્વામી નો જન્મ તારીખ 26/05/2009 ના રોજ કોડીનાર તાલુકાના સરખડી ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત સરખડી, તાલુકો-કોડીનાર સને.2009 ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૨/૦૩/૨૦૨૬ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૩/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
(એચ.કે.ભાસ્કર)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર



## મામલતદાર અને તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, બગસરા

જન્મ-મરણ રજી નં.૯૦/૨૫ | તા.૨૬/૦૨/૨૦૨૬

અરજદાર:- (૧) શ્રી વિનુભાઈ મનજીભાઈ દેસાઈ
રહે. બગસરા, તા.બગસરા, જિ.અમરેલી
મો. ૭૨૨૮૦૩૩૫૮૬
(૨) એ.કે. સાવલીયા વકીલશ્રી - બગસરા

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- (૧) જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી,
- વ -
ચીફ ઓફીસરશ્રી નગરપાલિકા કચેરી,
બગસરા, તા.બગસરા, જિ.અમરેલી

### -// નોટીસ //-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, શ્રી વિનુભાઈ મનજીભાઈ દેસાઈની પુત્રીશ્રી કોમલ વિનુભાઈ દેસાઈની જન્મ તા.૧૭/૦૬/૧૯૮૯ અમરેલી જિલ્લાના બગસરા તાલુકાના બગસરા મુકામે જન્મ/મરણ થયેલ હોવાની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજ કરેલ છે. તો આ કામના સામાવાળાની જન્મ/મરણ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો તકરાર હોય તો તેમણે જાતે અથવા તેમના મુખત્યાર મારફ અત્રેની કોર્ટમાં સુનાવણી મુદત તા.૦૬/૦૩/૨૦૨૬ના રોજ ૧૨:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
બગસરા


# અમરેલી મારૂતી સુઝુકી શો રૂમ પાસેથી કતલખાને લઈ જવાતાં ૧૧ પશુઓ બચાવાયા

અમરેલી, તા.૦૨

અમરેલી મારૂતી સુઝુકી શો રૂમ પાસેથી કતલખાને લઈ જવાતાં ૧૧ પશુઓને બચાવાયા હતા. ગઢડામાં રહેતા ઈલીયાશભાઈ યુનુશભાઈ સુવાણ તથા બગસરામાં રહેતા પ્રફુલભાઈ જીણાભાઈ ગોહેલ કતલ કરવાના ઈરાદે, તેમના ટ્રકમાં ભેંસ જીવ નંગ ૭, તેમજ નાના ભેંસના બચ્ચા નંગ ૪ ને ટ્રકમાં અત્યંત ટૂંકી દોરીથી ખીચોખીચ હલન ચલન ન કરી શકે તે રીતે અત્યંત ક્રુરતાપૂર્વક બાંધીને કતલ કરવાના ઈરાદે લઈ જતા ઝડપાયા હતા. પોલીસે ટ્રક, પશુઓ મળી કુલ ૬,૯૫,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરી કાર્યવાહી કરી હતી.


## :: જોઈએ છે ::

### આર્ટસ/કોમર્સ/MA/PTC કોલેજ-રાજુલા માટે સ્ટાફ જોઈએ છે

બાપાસીતારામ સેવા ટ્રસ્ટ સંચાલીત આર્ટસ&કોમર્સ કોલેજ તથા MA તથા PTC કોલેજ-રાજુલા માટે નીચેના શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક સ્ટાફની સરકારશ્રીના નોમ્સ મુજબ જરૂરીયાત છે.જાહેરાત પ્રસિદ્ધ થયે,દિન-૧૫ માં લાયકાત ધરાવતા ઉમેદવારોએ નીચેના સરનામે સ્વ હસ્તાક્ષરે જરૂરી ડોકયુમેન્ટસ તથા પાસપોર્ટ ફોટા-૨ સાથે અરજીઓ મંગાવવામાં આવેલ છે.

| | |
|---|---|
| પ્રિન્સીપાલ-૧ | પ્રિન્સીપાલ ની જગ્યા માટે સૌરાષ્ટ્ર યુનિવર્સીટી, સરકારશ્રી, અને યુ.જી.સી. ના પ્રવર્તમાન નિયમાનુસાર લાયકાત ધરાવતા હોવા જોઈએ.સાથે M.A./ M.Com. ૫૫% તથા પી.એચ.ડી. સાથે ૧૫ વર્ષ નો યુનિવર્સીટી માન્યતા ધરાવતા પુર્ણ સમયના વ્યાખ્યાતા તરીકે નો શૈક્ષણિક કાર્ય નો અનુભવ |
| P.T.I (શા.શી) (૧)<br>લાઈબ્રેરીયન (૧) | લાયકાત :- M.Ped ૫૫% સાથે NET/SLET/SET/Phd પાસ<br>લાયકાત :- M.Lib ૫૫% સાથે NET/SLET/SET/Phd પાસ |
| વ્યાખ્યાતા (આર્ટસ કોલજ માટે) | વિષય :- અંગ્રેજી, સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, સંસ્કૃત,ગુજરાતી,હિન્દી<br>લાયકાત :- M.A. ૫૫% સાથે NET/SLET/SET/Phd પાસ |
| વ્યાખ્યાતા (કોમર્સ કોલજ માટે) | વિષય :- અંગ્રેજી,અર્થશાસ્ત્ર, એકાઉન્ટ,કોમર્સ<br>લાયકાત :- M.A. ૫૫% /M.Com. ૫૫% સાથે NET/SLET/SET/Phd પાસ |
| વ્યાખ્યાતા (MA કોલજ માટે) | વિષય :- સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર<br>લાયકાત :- M.A. ૫૫% /M.Com. ૫૫% સાથે NET/SLET/SET/Phd પાસ |
| પ્રિન્સીપાલ-૧ (PTC કોલજ માટે) | લાયકાત :- -M.A. ૫૫%/ M.SC. ૫૫% /Bed. ૫૫% / Med. ૫૫% અને સાથે ૧૦ વર્ષનો તાલીમી શિક્ષણ કોલેજનો અનુભવ |
| વ્યાખ્યાતા (PTC કોલજ માટે) | વિષય :- અંગ્રેજી,સામાજિક વિજ્ઞાન,અર્થશાસ્ત્ર,સંસ્કૃત,ગુજરાતી,હિન્દી,<br>લાયકાત :- M.A. ૫૫% /Bed. ૫૫% (ઉપર મુજબના વિષય સાથે) / Med. ૫૫% |
| વ્યાખ્યાતા (PTC કોલજ માટે) | વિષય :- ગણિત વિજ્ઞાન<br>લાયકાત :- M.SC. ૫૫% /Bed. ૫૫% (ઉપર મુજબના વિષય સાથે) / Med. ૫૫% |
| વ્યાખ્યાતા (પાર્ટટાઈમ) (PTC કોલજ માટે) | વિષય :- કોમ્પ્યુટર<br>લાયકાત :- PGDCA ૫૫% /MCA. ૫૫% /Bed. ૫૫% |
| વ્યાખ્યાતા (પાર્ટટાઈમ) (PTC કોલજ માટે) | વિષય :- શારીરિક શિક્ષણ (PTI), ચિત્ર(ડ્રોઈંગ),સંગીત<br>લાયકાત :- M.Ped ૫૫% તથા ATD અથવા ફાઈન આર્ટસ તથા સંગીત વિશારદ સાથે બી.એડ. પાસ |

ઉપરોક્ત તમામ જગ્યાઓ માટે અનુભવીને પ્રથમ અગ્રતા આપવામાં આવશે.
અરજી મોકલવાનું સરનામું
નિયામકશ્રી,
બાપાસીતારામ સેવા ટ્રસ્ટ સંચાલીત આર્ટસ&કોમર્સ કોલેજ તથા MA તથા PTC કોલેજ-રાજુલા વૃંદાવન સોસાયટી, મીરાનગર, ભેરાઈ રોડ, મુ.રાજુલા,જિ.અમરેલી.૩૬૫૫૬૦

# લવ જેહાદ : લગ્ન કરવા વિધર્મી યુવતીને વકીલના કપડા પહેરાવી કોર્ટ લઈ ગયો

અમદાવાદ,તા.૦૩



અમદાવાદના ઘીકાંટા સ્થિત મેટ્રો કોર્ટ કમ્પાઉન્ડમાં આવેલી જિલ્લા રજીસ્ટ્રાર અને ખાસ લગ્ન નોંધણી કચેરી ખાતે આજે ૩ માર્ચના રોજ એક હિન્દુ યુવતી અને મુસ્લિમ યુવકના લગ્નને લઈને વહેલી સવારથી જ તંગદિલીભર્યો માહોલ સર્જાયો હતો. ગાંધીનગરના કારોલી ગામની યુવતી અને કઠવાડાના ૨૭ વર્ષીય યુવક લગ્નની નોંધણી માટે કોર્ટ પહોંચ્યા હતા. સંભવિત વિરોધને ધ્યાનમાં રાખીને યુવતીને ઓળખ છુપાવવા માટે વકીલના કપડાં પહેરાવીને કચેરીમાં લાવવામાં આવી હતી. જોકે આ ઘટનાની જાણ વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળના કાર્યકરોને થતા તેઓ મોટી સંખ્યામાં ત્યાં પહોંચી ગયા હતા અને ઉગ્ર સૂત્રોચ્ચાર સાથે વિરોધ પ્રદર્શન શરૂ કર્યું હતું. સ્થિતિ વણસતી જોઈને પોલીસનો મોટો કાફલો ઘટનાસ્થળે તૈનાત કરવામાં આવ્યો હતો. યુવતીના કાકાએ આક્ષેપ કર્યો હતો કે યુવતીને શરદ પૂનમની રાત્રે ભગાડી જવામાં આવી હતી અને તે બહિયલ ગામની કોલેજમાં અભ્યાસ કરતી હતી. પરિવારનો આરોપ છે કે દીકરી પર દબાણ કરીને આ પગલું ભરાવવામાં આવ્યું છે અને તેઓ તેને પરત મેળવવા ઈચ્છે છે. ભારે હોબાળા અને વિરોધ વચ્ચે પોલીસે ચુસ્ત સુરક્ષા કવચ હેઠળ યુવક-યુવતીને ગાંધીનગરના બહિયલ ખાતે ખસેડવાની કામગીરી હાથ ધરી હતી.

# અમદાવાદના નરોડામાં કારમાંથી રૂ.૮૯ લાખની રદ થયેલી જૂની નોટો ઝડપાઈ, બેની કરાઈ અટકાયત

અમદાવાદ,તા.૦૩



અમદાવાદના નરોડા વિસ્તારમાં પોલીસે એક મોટી કાર્યવાહી હાથ ધરીને વર્ષો પહેલા રદ થયેલી રૂ.૫૦૦ અને રૂ.૧૦૦૦ના દરની જૂની ચલણી નોટોનો જથ્થો ઝડપી પાડ્યો છે. ગેલેક્સી ચાર રસ્તા પાસે બાતમીના આધારે વોચ ગોઠવી પોલીસે એક શંકાસ્પદ કારને આંતરી હતી, જેમાંથી રૂ.૮૯ લાખની કિંમતની જૂની નોટો મળી આવી હતી.

તલાશી દરમિયાન કારમાંથી રૂ.૧૦૦૦ના દરની ૪,૩૫૦ નોટો (કિંમત રૂ.૪૩.૫૦ લાખ) અને રૂ.૫૦૦ના દરની ૯,૧૦૦ નોટો (કિંમત રૂ.૪૫.૫૦ લાખ) મળી આવી હતી. પોલીસે કુલ ૧૩,૪૫૦ રદ થયેલી નોટો સાથે કાર પણ જપ્ત કરી છે. નોટબંધીના વર્ષો બાદ પણ આટલી મોટી રકમની જૂની નોટો સાચવી રાખવા પાછળના ઉદ્દેશ્ય અંગે પોલીસ ચોંકી ઉઠી છે.

પોલીસે આ મામલે કારમાં સવાર બે વ્યક્તિઓની અટકાયત કરી છે. પ્રાથમિક પૂછપરછમાં આ નોટો ક્યાંથી લાવવામાં આવી હતી અને કોને પહોંચાડવાની હતી તે અંગે તપાસ ચાલી રહી છે. આટલા વર્ષો પછી આ રદ્દ થયેલી નોટોનો ઉપયોગ કઈ રીતે થવાનો હતો તે દિશામાં નરોડા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# ડાકોરના ફાગણી પૂનમની સાથે ફુલડોલ મહોત્સવમાં ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું

ડાકોર,તા.૦૩



ડાકોરના રણછોડરાય મંદિરમાં ફાગણી પૂનમ અને ફૂલડોલ મહોત્સવની ભવ્ય ઉજવણી થઈ. વહેલી સવારે ૨ કલાકે મંગળા આરતી બાદ લાખો ભક્તોએ ‘ડાકોરના ઠાકોર’ના દર્શન કરી અબીલ-ગુલાલથી હોળી રમી ધન્યતા અનુભવી. રાજ્યના ગૃહ રાજ્યમંત્રી (નાયબ મુખ્યમંત્રી તરીકે ઉલ્લેખિત) હર્ષ સંઘવીએ પણ ભગવાનને ધ્વજા અર્પણ કરી દર્શન કર્યા હતા. ત્રણ દિવસમાં આશરે ૮ લાખથી વધુ શ્રદ્ધાળુઓ ઉમટ્યા હતા. ચંદ્રગ્રહણને કારણે બપોરે મંદિર બંધ રાખવામાં આવ્યું હતું. ચુસ્ત પોલીસ બંદોબસ્ત અને ડ્રોન સર્વેલન્સ વચ્ચે મહોત્સવ શાંતિપૂર્ણ રીતે સંપન્ન થયો.

# ગૌહત્યા કરનારાઓ સામે સરકારનું કડક વલણ : નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી

સુરેન્દ્રનગર,તા.૦૩



ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ સુરેન્દ્રનગરના સુપ્રસિદ્ધ શ્રી વડવાળા મંદિર, દુધરેજ ધામ ખાતે આયોજિત ‘હોળી મહોત્સવ’માં ભાવપૂર્વક સહભાગી થઈને શંકરાચાર્ય કનીરામ બાપુ અને લઘુ મહંત નાગરદાસ બાપુના આશીર્વાદ લીધા હતા. આ પ્રસંગે તેમણે જનમેદનીને સંબોધતા જણાવ્યું હતું કે મંત્રી તરીકે પદભાર સંભાળ્યાના બીજા જ દિવસે તેમણે ગૌમાતાની રક્ષાનો પવિત્ર સંકલ્પ કર્યો હતો. રાજ્ય સરકાર ગૌ-હત્યા કરનારા તત્વો પ્રત્યે અત્યંત કઠોર વલણ ધરાવે છે અને તેના પરિણામસ્વરૂપ છેલ્લા એક વર્ષમાં ૧૮થી વધુ ગુનેગારોને સાત વર્ષથી લઈને આજીવન કેદ સુધીની સજા ફટકારવામાં આવી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ ગૌ-હત્યા વિરોધી કડક કાયદો બનાવીને સરકારે ગૌભક્તોની આસ્થાનું સન્માન કર્યું છે. વધુમાં, દુધરેજ ધામના વિકાસ માટે અગાઉના સાડા ચાર કરોડ ઉપરાંત બીજા બે કરોડ મળી કુલ ૬.૫૦ કરોડ રૂપિયાના વિકાસ કામોની તેમણે મહત્વની જાહેરાત કરી હતી. અંતમાં તેમણે સૌ ભક્તોને સનાતન શક્તિને વધુ મજબૂત કરવા અને ગૌરક્ષાની નૈતિક જવાબદારી નિભાવવા આહવાન કર્યું હતું.

# અમદાવાદમાં રૂ.૩૯.૪૧ કરોડના આંતરરાજ્ય સાયબર કૌભાંડનો પર્દાફાશ : બેની ધરપકડ

અમદાવાદ,તા.૦૩



સીઆઈડી ક્રાઈમ ગાંધીનગરે અમદાવાદથી બે શખ્સોની ધરપકડ કરી રૂ.૩૯.૪૧ કરોડના મોટા સાયબર રેકેટનો પર્દાફાશ કર્યો છે. આરોપી અમિત ગગેના અને રાજકુમાર પટેલ ઉદ્યોગપતિઓના બેંક ખાતા ભાડે રાખી ડિજિટલ અરેસ્ટ, રોકાણ અને પાર્ટ-ટાઈમ જોબના બહાને છેતરપિંડી આચરતા હતા. તપાસમાં દેશભરના વિવિધ રાજ્યોમાં તેમની સામે ૫૯ ફરિયાદો નોંધાયેલી હોવાનું ખુલ્યું છે. પોલીસે આરોપીઓ પાસેથી મોબાઈલ અને રૂ.૫ લાખ રોકડા જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ઈન્દ્રભારતીબાપુ સાથે વિવાદ થયા બાદ શાલ ઓઢાડી કીર્તિ પટેલે કર્યુ સમાધાન

જુનાગઢ,તા.૦૩



સોશિયલ મીડિયા ફેમ કીર્તિ પટેલે જૂનાગઢના અગ્રણી સંત ઈન્દ્રભારતી બાપુની મુલાકાત લઈ, તેમને સાલ ઓઢાડીને પગે લાગી આશીર્વાદ મેળવ્યા હતા. આ પ્રસંગે હરીહરાનંદ ભારતી બાપુ અને મહેન્દ્રાનંદ ગીરીબાપુ પણ ઉપસ્થિત રહ્યા હતા, જેમને પણ કીર્તિ પટેલે સન્માનિત કર્યા હતા. આ સમાધાનનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે, જેમાં કીર્તિ પટેલ જણાવે છે કે, ભારતી પરિવારને તોડવાની કોશિશ ઘણાએ કરી, પણ ગિરનારી મહારાજે કોઈનો મેળ પડવા દીધો નહીં. જોકે, આ સમાધાન છતાં કીર્તિ પટેલ સામે કાયદાકીય મુશ્કેલીઓ યથાવત છે. તેની સામે પોલીસ ફરજમાં રુકાવટ, સંતોની આસ્થાને ઠેસ પહોંચાડવા અને એક સ્થાનિક યુટ્યુબર પાસે ૨૦ લાખની ખંડણી માંગવા બદલ કુલ ત્રણ ફરિયાદો નોંધાયેલી છે. આ ગુનાઓમાં સંડોવણી બાદ ફરાર થયેલી કીર્તિ પટેલની તાજેતરમાં રાજસ્થાનના ઉદયપુરથી ધરપકડ કરવામાં આવી હતી. હાલમાં આ સમાધાન ભલે આસ્થાના સ્તરે થયું હોય, પરંતુ કાયદાકીય પ્રક્રિયા હજુ ચાલુ છે.

# શામળાજી-અમદાવાદ હાઈવે પરથી ૭૭.૬૬ લાખનો વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

હિંમતનગર,તા.૦૩



સાબરકાંઠા લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) એ શામળાજી-અમદાવાદ નેશનલ હાઈવે પર કાંકણોલ નજીક મોટી કાર્યવાહી હાથ ધરી છે. ચોક્કસ બાતમીના આધારે પોલીસે એક ટ્રકને અટકાવી તપાસ કરતા પ્લાસ્ટિકના કટ્ટાની નીચે છુપાવેલો રૂ.૭૭,૬૬,૧૯૬ની કિંમતનો વિદેશી દારૂ અને બિયરનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ટ્રક ચાલક દેવેન્દ્ર ગોમારાની ધરપકડ કરી ટ્રક સહિત કુલ રૂ.૯૨,૭૬,૧૯૬નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ મામલે રાજસ્થાનના અન્ય બે શખ્સો વિરુદ્ધ પણ ગુનો નોંધવામાં આવ્યો છે. આ ઉપરાંત, એલસીબીની અન્ય એક ટીમે દેરોલ નજીકથી એક બોલેરો કારમાંથી રૂ.૩.૨૦ લાખનો દારૂ ઝડપી પાડ્યો હતો. જેમાં પોલીસે કુલ રૂ.૬.૨૧ લાખનો મુદ્દામાલ જપ્ત કરી ચાલક આનંદ પંડવાળાની ધરપકડ કરી છે. અન્ય એક દરોડામાં ઈડરની પીટીસી કોલેજ સામેથી રૂ.૪૩,૮૯૮ની કિંમતની વિદેશી દારૂની બોટલો સાથે બુટલેગરો સામે કાર્યવાહી કરવામાં આવી છે. આમ, સાબરકાંઠા પોલીસે અલગ-અલગ ત્રણ સ્થળોએ દરોડા પાડી દારૂની હેરાફેરીનું નેટવર્ક તોડ્યું છે.?

# ધ્રોલના વાંકિયા ગામે વૃધ્ધ દંપતીએ આપઘાત કરી લેતા અરેરાટી

જામનગર,તા.૦૩



જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાના વાંકિયા ગામમાંથી એક અત્યંત હૃદયદ્રાવક અને કરુણ સમાચાર સામે આવ્યા છે. લાંબા સમયથી ગંભીર શારીરિક વ્યાધિઓ અને માનસિક તણાવનો સામનો કરી રહેલા એક વૃધ્ધ દંપતીએ આખરે બીમારીની અસહ્ય યાતનાઓથી કંટાળીને ઝેરી દવા પીને પોતાનું જીવન ટૂંકાવી લીધું છે. આ ઘટનાએ માત્ર વાંકિયા ગામમાં જ નહીં, પરંતુ સમગ્ર પંથકમાં શોકનું મોજું ફેરવી દીધું છે, સાથે જ વૃદ્ધાવસ્થામાં આરોગ્ય અને માનસિક હૂંફની જરૂરિયાત પર ગંભીર પ્રશ્નો ઊભા કર્યા છે.

વાંકિયા ગામમાં રહેતા ૭૦ વર્ષીય દામજીભાઈ મૂળજીભાઈ ભીમાણી અને તેમના ૬૮ વર્ષીય પત્ની મનુબેન ભીમાણી છેલ્લા ઘણા વર્ષોથી ગંભીર બીમારીઓથી પીડાતા હતા. વૃદ્ધાવસ્થાના કારણે શરીર સાથ આપતું નહોતું અને સતત દવાઓના સહારે જીવતા આ દંપતી માટે દરેક દિવસ કષ્ટદાયક બની રહ્યો હતો. માહિતી અનુસાર, આ દંપતી માનસિક રીતે પણ પડી ભાંગ્યું હતું. ૨ માર્ચ ૨૦૨૬ના રોજ, જીવનની આ અસહ્ય પીડામાંથી કાયમી મુક્તિ મેળવવાના આશયથી તેઓએ પોતાના નિવાસસ્થાને અનાજમાં નાખવાના ઝેરી ટીકડા ગળી લીધા હતા.

ઝેરની અસર શરૂ થતાં જ જ્યારે પરિવારના સભ્યોને જાણ થઈ, ત્યારે તેઓમાં અફરાતફરી મચી ગઈ હતી. દંપતીને તાત્કાલિક સારવાર માટે ધ્રોલની સરકારી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. જોકે, હોસ્પિટલ પહોંચતા સુધીમાં ઝેરની અસર ફેફસાં અને હૃદય સુધી પ્રસરી ગઈ હોવાથી તેમની તબિયત અત્યંત નાજુક બની ગઈ હતી. હોસ્પિટલના ફરજ પરના તબીબોએ તમામ પ્રયાસો કર્યા હોવા છતાં, બંનેને મૃત જાહેર કરવામાં આવ્યા હતા.











